સુધારસ સ્તવન સંગ્રહ

ભાગ ૧-૨-૩-૪-૫-૬.

મહાન આચાર્ય કૃત્તિના વિવિધ સ્તવનો તથા મધુર ગાયનોનો સંગ્રહ તથા ચૈત્યવંદન વિધિ સાથે.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
શેઠ. માણેકચંદ બહેચરદાસ
બુકસેલર્સ, પબ્લીશર્સ એન્ડ સ્ટેશનર્સ.
મુ૦ પાલીતાણા.

આવૃત્તી ૨ જી.

'પ્રજાહિતાર્થ મુદ્રાલય' પ્રેસમાં પટેલ ડાહ્યાભાઈ મતરામે છાપી. શાહપુર, નવી પોળ-અમદાવાદ.

સંવત ૧૯૭૬] પ્રત ૨૦૦૦ [સને ૧૯૨૦

કિંમત ૪ આના.

સુધારસ સ્તવન સંગ્રહ

ભાગ ૧-૨-૩-૪-૫-૬.

મહાન આચાર્ય કૃત્તિના વિવિધ સ્તવનો તથા
મધુર ગાયનોનો સંગ્રહ તથા ચૈત્યવંદન
વિધિ સાથે.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
શેઠ. માણેકચંદ બહેચરદાસ.
બુકસેલર્સ, પબ્લીશર્સ એન્ડ સ્ટેશનર્સ.
મુ. પાલાતાણા.

આવૃતી ૨ જી.

શ્રી 'પ્રજાહિતાર્થ મુદ્રાલય' પ્રેસમાં પટેલ ડાહ્યાભાઇ
દલપતરામે છાપી. શાહપુર, નવી પોળ-અમદાવાદ.

સંવત ૧૯૭૬] પ્રત ૨૦૦૦ [સને ૧૯૨૦

કિંમત ૪ આના.

ચોવીશ તીર્થંકરોનાં નામ તથા માતા પિતાનાં નામ વિગેરેનો કોઠો.

નંબર.	તીર્થંકરનાં નામ.	માતાનાં નામ.	પીતાનાં નામ.	લંછન.	જન્મભુમી
૧	રીખવદેવ	મરૂદેવીમાતા	નાભીરાજા	વૃષભ	વીનીતા
૨	અજીતનાથ	વીજયામાતા	જીતશત્રુરાજા	હાથી	અયોધ્યા
૩	સંભવનાથ	સેનામાતા	જીતારીરાજા	ઘોડો	સાવથી
૪	અભિનંદન	સિદ્ધાર્થમાતા	સંવરરાજા	વાંદરો	વીનીતા
૫	સુમતીનાથ	મંગલામાતા	મેઘરાજા	કૌચપક્ષી	કોશલ
૬	પદમપ્રભુ	સુશીલામાતા	ધરમરાજા	રાતુંકમળ	કોસંબી
૭	સુપારશ્વનાથ	પૃથ્વીમાતા	પ્રતિષ્ટરાજા	સાથીઓ	વણારશી
૮	ચંદ્રપ્રભુ	લક્ષમણામાત	મહાસેનરાજા	ચંદ્રમા	ચંદ્રપુરી
૯	સુવિધિનાથ	રામામાતા	સુગ્રીવરાજા	મછમઘર	કાકંદી

૧૦	શિતળનાથ	નંદામાત	દ્રઢરથરાજા	શ્રીવછ	ભદીલપુર
૧૧	શ્રેયાંસનાથ	વીશ્નુમાતા	વિષ્ણુરાજા	ખડગી	સિંહપુર
૧૨	વાસુપુજ્ય	જયામાતા	વસુપુજ્યરાજા	ગેંડો	ચંપાપુરી
૧૩	વીમળનાથ	શ્યામામાતા	સુતવર્મરાજા	સુઅર	કપીલપુર
૧૪	અનંતનાથ	સુયસામાતા	સિંહાસનરાજા	સિંચાણો	અયોધ્યા
૧૫	ધરમનાથ	સુવ્રતામાતા	ભાનુંરાજા	વજર	રત્નપુરી
૧૬	શાંતીનાથ	અચીરામાતા	વીશ્વસેનરાજા	હરણ	હસ્તીનાપુર
૧૭	કુંથુંનાથ	શ્રીમાતા	સુરરાજા	બોકડો	ગજપુરી
૧૮	અરનાથ	દેવીમાતા	સુદરશનરાજા	નંદાવર્ત	નાગપુરી
૧૯	મલ્લીનાથ	પ્રભાવતીમા	કુંભરાજા	કળસ	મિથીલા
૨૦	મુનીસુવ્રત	પદમામાતા	સુમિત્રરાજા	કાચબો	રાજગીરી
૨૧	નમીનાથ	વિપ્રામાતા	વિજયરાજા	નવકમલ	મહીલા
૨૨	નેમનાથ	સીવાદેવીમા	સમુદ્રવિજય	શંખ	સોરીપુર
૨૩	પારશ્વનાથ	વામામાતા	અશ્વસેન	સર્પ	વણારસી
૨૪	મહાવીર	ત્રિસલામાતા	સિદ્ધાર્થરાજા	સિંહ	ક્ષત્રિકુંડ

દીવસના ચોઘડીયાંનો કોઠો.

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ

રાત્રીનાં ચોઘડીયાંનો કોઠો.

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ

पार्श्वनाथाय नमः
तिर्थाधिराज श्री शेत्रुंजयगिरि नमः अस्तु.

सुधारस स्तवन संग्रह.

ભાગ ૧ લો.

મંગળાચ્ચરણ.

आँकार बिन्दु संयुक्तं,
नित्य ध्यायन्ति योगिनः
कामदं मोक्षदं चैव,
आँकाराम नमोनमः

માંગલિક કાવ્યાનિ.

મંગલં ભગવાન વિરો,
મંમલં ગૌતમ પ્રભુ;

મંગલં સ્થુલિ ભદ્રાદ્યા,
જૈનો ધર્મોસ્તુ મંગલં. ૧
એક જંબુ જગ જાણીએ,
બીજા નેમ કુમાર;
ત્રીજા વયર વખાણીએ,
ચોથા ગૌતમ ધાર. ૨
અંગુઠે અમૃત વસે,
લબ્ધી તણા ભંડાર;
તે ગુરૂ ગૌતમ સમરીએ,
વાંછીત ફળ દાતાર. ૩

સાથીઓ કરતી વખતે ભાવવાના દુહા.

તેમાં પ્રથમ ત્રણ ઢગલીઓ અને સિદ્ધ-
શિલા કરતી વખતે ભાવવું કે:—
દર્શન જ્ઞાન ચારિત્રના,
આરાધનથી સાર;

સિદ્ધશિલાની ઉપરે,
હો મુજ વાસ શ્રીકાર. ૧

હવે સાથીઓ કરતી વખતે.

અક્ષત પૂજા કરતા થકા,
સફળ કરૂં અવતાર;
ફળ માગું પ્રભુ આગળે,
તાર તાર મુજ તાર.

ફળ મુકતી વખતે.

ફળ પૂજા કરતા થકા,
સફળ કરૂં અવતાર;
ફલ માગું પ્રભુ આગળે,
તાર તાર મુજ તાર. ૧
સંસારિક ફળ માગીને,
રવડયો બહુ સંસાર;
અષ્ટ કર્મ નીવારવા,
માગું મોક્ષ ફળ સાર. ૨

ચીહું ગતી ભ્રમણ સંસારમાં,
જન્મ મરણ જંજાલ;
પંચમગતિ વીણ જીવને,
સુખ નહિ ત્રિહું કાલ. ૩

ચૈતવંદન કરવાની વીધી.

ઈચ્છાકારેણ સંદિસહ ભગવાન ચૈતવંદન કરૂં એમ કહીને પછી ચૈતવંદન કહેવું.

સકળ કુશળવલ્લી પુષ્કરા વર્ત મેઘો દુરિત તિમિર ભાનું કલ્પ વૃક્ષોપમાનમ્ ભવજલ નિધિ પોતઃ સર્વ સંપત્તિ હેતુ સંભવતુ સતતંવઃ શ્રેયસે શાંતિનાથ શ્રેયસે પાર્શ્વનાથઃ

ચૈત્યવંદન.

જય જય શ્રી જીનરાજ આજ મળીએઃ

મુજ સ્વામી, અવિનાશી અવિકાર સાર જગ અંતર જામી, રૂપારૂપી ધર્મ દેવ આતમ આરામી, ચિદાનંદ ચેતન પ્રભુ શિવલીલા પામી, સિદ્ધબુદ્ધ તજ વંદતા એ સકળ સિદ્ધવર બુધ્ધ, રમો પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ શુદ્ધ, કાળ બહુ થાવર ગયો ભમીયો ભવમાંહિ, વિગલેંદ્રિય એળે ગયો સ્થીરતા નહિ કાંઇ, તીરી પંચેંદ્રિય નર દેહમાં વળી કર્મે હું આવ્યો. કરી કુકર્મ નરકે ગયો દરશાન નહીં પાયો, એમ અનંત કાળે કરી પામ્યો નર અવતાર, હવે ભવતારણ તું મળ્યો ભવજળ પાર ઉતાર.

જંકીંચિ.

જંકીંચિ નામ તિથ્થં, સગ્ગે પાયાલિ માણું સેલોએ; જાઈ જિણ બિંબાઇ,

તાઇં સવ્વાઇં વંદામિ.

નમુથ્થુણં.

નમુથ્થુણં અરિહંતાણં ભવંતાણં આઇગરાણં તિથ્થયરાંણં સયંસંબુદ્ધાણં પુરિસુત્તમાણં પુરીસસીહાણં પુરિસવર પુંડરીઆણં પુરીસર ગંધહુથ્થીણં લો- ગુત્તમાણં લોગનાહાણં લોગહિઆણં લો- ગપઇવાણં લોગપજ્જોઅગરાણં, અભયદ- યાણં ચખ્ખુદયાણં મગ્ગદયાણં, સરણદ- યાણં, બોહિદયાણં ધમ્મદયાણં, ધમ્મ- દેસિયાણં, ધમ્મનાયગાણં મમ્મસારહીણં ધમ્મવરચાઉરંત ચક્કવટ્ટીણં અપ્પડિહય- વરનાણં દંસણધરાણં વિઅટ્ટછઉમાણં જિણાણં જાવયાણં તિન્નાણુતારયાણં બુ- દ્ધાણં બોહુયાણં મુત્તાણં મોઅગાણં સ- વ્વન્નુણં સવ્વ દરિસીણં સીવ મયલ

મરૂઅ મણુંત મખ્ખય મવ્વાબાહ મપુણ-
રાવિત્તિ સિદ્ધગઈ નામધેયંઠાણું. સંપત્તાણું
નમોજીણાણં જિઅભયાણું જેઅઈઆસિદ્ધા
જેઅ ભવિસ્સંતિણા ગએ કાલે સંપઇઅ
વટ્ટમાણા સવ્વેતિવિ હેણ વંદામી.

જાવંતી.

જાવંતિ ચેઈઆઈં ઉઢ્ઢેઅ અહેઅ તિરિ-
અ લોએઅ સવ્વાઈતાઈંવંદે ઇહસંતો ત-
ત્થસંતાઇ.

ઈચ્છામી ખમાસમણો વંદીઉ જાવણીજાએ
નીસહીઆએ મથએણ વંદામી.

જાવંતી કેવિસાહુ.

જાવંતિ કેવિસાહુ ભરહેરવય મહાવિદેહેઅ,
સવ્વેસીં તેસિં પણઓ તિવિહેણ તિદંડ
વિરયાણં.

નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

અહીં સ્તવન બોલવું
પછી
જયવીયરાય.

જયવીયરાય, જગગુરૂ હોઉમમં તુહ-પભાવઓ ભયવ ભવ નિવ્વેઓ મગ્ગાણુ સારિઆ ઇઠ્ઠફલ સિદ્ધિ લોગ વિરૂદ્ધચ્ચાઓ ગુરૂજણ પુઆ પરથ્થકરણંચ સુહગુરૂજોગો તવ્વયણ સેવણા આભવમખંડા વારિજ્જઈ જઇવિ નિઆણ બંધણ વિઅરાય તુહસ-મઓ તહવિ મમહુજ્જસેવા ભવે ભવે તુમ્હ ચલણાણં દુખ્ખખ્ખઓ કમખ્ખઓ સમાહીમરણંચ બોહિલાભોઅ સંપજ્જઉ મહએઅં નુહનાહ પણામ કરણેણં સર્વ મંગલ માંગલ્યં સર્વ કલ્યાણ કારણં પ્રધાનં સર્વ ધર્માણાં જૈનં જયતિ શાસનં.

અરિહંત ચેઇઆણં.

અરિહંત ચેઇઆણં, કરેમીકાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ, સિદ્ધાએ, મેહાએ ધીઇએ ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામી કરેમી કાઉસ્સગ્ગં.

અન્નથ્થ ઉસસીએણં.

અન્નથ ઉસસીએણં, નીસસીએણં, ખાસીએણં, છીએણં, જંભાઇએણં ઉડ્ડુએણં-વાયનીસગ્ગેણં, ભમલિએ પિત્તમુચ્છાએ સુહુમેહિં અંગ સંચાલેહિં સુહુમેહિં ખેલ ચંચાલેહિં સુહુમેહિંદિઠ્ઠિ સંચાલેહિં એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસગ્ગો, જાવઅરિહંતા-

ણં ભગવંતાણું નમુક્કારેણં નપારેમી તાવકાયં, ઠાણેણં મોણેણં, ઝાણેણં, અપ્પાણં, વોસરામી.

(પછી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી થોય કહેવી.

શ્રી શત્રુંજયની થોય (સ્તુતિ)

શ્રી શત્રુંજય મુખ્ય તિર્થ તિલકં શ્રી નાભિરાજાગજં, વંદે રૈવત શૈલ મૌલી મુગટં શ્રી નેમીનાથં યથાઃ તારંગે અજીતં જીનભૃગુપુરે શ્રી સુવ્રતં સ્તંભને. શ્રી પાર્શ્વ પ્રણુમામિ સત્ય નગરે શ્રી વર્ધમાનં ત્રીધા.

ઇતિ ચૈત્યવંદન વીધી.

ભાવનાઓ.

પ્રભુ દર્શન સુખ સંપદા,
મ્હારા વાલાજીરે.
પ્રભુ દર્શન નવ નિદ્ધ.
નમીએ નેહશું. —મ્હારા૦
પ્રભુ દર્શનથી પામીએ, મ્હારા૦
સકળ પદારથ સિદ્ધ. નમીએ—મ્હારા૦
ભાવે જીનવર પૂજીએ, મ્હારા૦
ભાવે દીજે હો દાન. નમીએ—મ્હારા૦
ભાવે કેવળ જ્ઞાન. નમીએ—મ્હારા૦

પ્રભાતીયાં.

પાસ સંખેશ્વરા સાર કર સેવકા, દેવકા એવડી વાર લાગે ॥ કોકી કરજોડી દરબાર આગે ખડા ઠાકુરા ચાકુરા માંન માગે ॥ પ્રગટ થા પાસજી મેલી પડદોપરો મોડ

અસુરાણુને આપ છોડો ॥ મુજ મહિરાણ મંજુસમાં પેસીને, અલકના નાથજી બંધ ખોલો ॥ જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જીનરાજ ઉંઘો ॥ મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગ કાળ મધ્યે ॥ ભીડ પડી જાદવા જોર લાગી જરા, તતક્ષણ ત્રીકમે તુજ સંભાર્યા ॥ પ્રગટ પાતાલથી પલકમાં તેં પ્રભુ, ભકતજન તેહના ભય નિવાર્યા ॥ આદિ અનાદિ અરિહંત તું એક છે, દિનદયાળ છે કુણ દુજો ॥ ઉદયરત્ન કહે પ્રગટ પ્રભુ પાસજી, પામી ભવભંજના એહ પુજો ॥

ચાલોને પ્રીતમજી પ્યારા, શેત્રુંજે જઇએ ॥ શેત્રુંજે જઇએ ॥ ચાલો૦ ॥ એ આંકડી ॥ શું સંસારે રહયા છો મુંજી,

દિન દિન તન છીજે ॥ આઠ આભની છાયા સરખી, પોતાની કીજે ॥ ચાલો૦ ॥૧॥ જે કરવું તે પહેલાં કીજે, કાલે શી વાતો ॥ અણુચિંતવીઆં આવી પડશે, સબળાની લાતો ॥ ચાલો૦ ॥૨॥ ચતુરાઇ શું ચિત્તમાં ચેતી, હાથે તે સાથે ॥ મરણતણા નિશાના મોટા, ગાજે છે માથે ॥ ચાલો૦ ॥૩॥ માતા મરૂદેવી નંદન નિરખી ભવ સફળો કીજે ॥ દાનવિજે સાહેબની સેવા એ સઘળી લીજે ॥ ચાલો૦ ॥૪॥

શ્રી સીધ્ધાચળનું ચૈતવંદન.

વિમળ કેવળ જ્ઞાન કમળા, કલિત ત્રિભૂવન હિતકરં ॥ સુરરાજ સંસ્તુતઃ ચરણ પંકજ નમો આદિજીનેશ્વરં ॥ ૧ ॥ વિમળ ગિરિવર શ્રૃંગમંડળ, પ્રવર ગુણ ગણ ભૂધરં ॥ સુર અસુર કિન્નર કોડી

સેવિત ॥ નમો૦ ॥ ૨ ॥ કરતી નાટક કિન્નરી, ગણ ગાય જીન ગુણ મનહરં ॥ નિર્જરાવલી નમે અહનીંશ ॥ નમો૦ ॥૩॥ પુંડરિક ગણપતિ સિદ્ધિ સાધી, કોડી પણ મુની મનહરં ॥ શ્રી વિમળગિરિવર શ્રંગ સિધ્ધા ॥ નમો૦ ॥૪॥ નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડી નંત એ ગિરિવરં ॥ મૂકિત રમાણી વર્યા રંગે ॥ નમો૦ ॥ ૫ ॥ પાતાળ નર સુરલોકમાંહિ વિમળ ગિરિવર તો પરં ॥ નહીં અધિક તિરથ તિર્થપતિ કહે ॥ નમો૦ ॥ ૬ ॥ ઇમ વિમલ ગિરિવર સિખર મંડળ, દુઃખ વિહંડણ ધ્યાઇએ ॥ નિજ શુદ્ધ સત્તા સાધનાર્થે, પરમ જ્યોતીને પાઇએ ॥ જીત મોહ કોહ વિછોહ નિદ્રા પરમ પદસ્થીતં જયકરં ॥ ગિરિરાજ

સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં

શ્રી આદિનાથનુ ચૈતવંદન.

આદીદેવ અલવેશરૂ, વનીતાનો રાય ॥ નાભીરાયા કુલમંડણો, મારૂદેવી માય ॥ પાંચસે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળ ॥ ચોરાસી લાખ પૂરવનું, જશ આયુ વિશાળ ॥ વૃષભ લંછન જીનવર ધરૂ એ, ઉત્તમ ગુણ મણી ખાણ ॥ તસ પદ પદ્મ સેવન થકી લહિયે અવિચળ ઠાણ ॥

શ્રી પુંડરિક સ્વામીનું ચૈતવંદન.

આદીશ્વર જીનરાયનો, ગણધર ગુણવંત ॥ પ્રગટ નામ પુંડરિક જાસ મહિમાંહે મહંત ॥ પંચક્રોડ સાથે મુણિંદ, અણસણ તિહાં કીધ ॥ સંયમ સુખરૂપ આદરી મોક્ષ વધુવર લીધ ॥ ચૈત્રિ પુનમ દિનેએ પામ્યા પદ મહાનંદ ॥ તે દિનથી પુંડ-

રીકગીરી, નામ દાન સુખકંદ.

શ્રી શાંતિનાથનું ચૈતવંદન.

શાંતિ જીનેશ્વર સોળમા, અચિરા સુતવંદો વિશ્વસેન કુળ નભોમણી, ભવિજન સુખકંદો ॥ મૃગ લંછન જીન આઉખુએ, લાખ વરસ પ્રમાણ ॥ હથ્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણી ખાંણ ॥ ચાલીસ ધનુષની દેહડી, સમચોરસ સંઠાણ ॥ વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥ ઇતિ સંપુર્ણ.

પાર્શ્વનાથનું ચૈતવંદન.

આશ પુરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ ॥ વામામાતા જનમીઆં, અહિલંછન જાસ ॥ ૧ ॥ અશ્વસેન સુત સુખકરૂએ, નવ હાથની કાય ॥ કાશીદેશ વણારસી,

પુન્યે પ્રભુ આય ॥ ૨ ॥ એકસો વરસનું આઊખું, પાળી પારશ્વકુમાર ॥ પદ્મ કહે મુકતે ગયા નમતાં સુખ નિરધાર ॥ ૩ ॥

શ્રી નેમનાથનું ચૈતવંદન.

નેમનાથ બાવિસમા, શિવાદેવી માય ॥ સમુદ્રવિજય પૃથ્વી પતિ, જે પ્રભુના તાય॥ દશ ધનુષની દેહડી આયુ વરસ હજાર ॥ શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ-નાર ॥ સૌરીપુરી નયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન ॥ જીન ઉત્તમ પદ પદ્મને, નમતા અવિચળ ઠાણ. ॥

શ્રી મહાવીરસ્વામીનું ચૈતવંદન.

સિધારથ સુત વંદીએ; ત્રીસલાનો જાયો ॥ ક્ષત્રિ કુંડમાં અવતર્યો, સૂર નરપતિ ગાયો ॥ મૃગપતિ લંછન પાઉલે, સાથ હાથની

કાય ॥ બહોતેર વરસનું આઉખું, વીર જીનેશ્વર રાય ॥ ખીમવિજય જીનરાજનો એ, ઉત્તમ ગુણ અવદાત ॥ સાત બોલથી વરણવ્યો, પદ્મ વિજય વિખ્યાત ॥ ઇતિ ॥

અથ શ્રી સીધ્ધાચળનું ચૈતવંદન

સદ્ભક્ત્યા નતમૌલીનિર્જરવડ ભ્રાંજિષ્ણું-મૌલીપ્રભાસંમિશ્રારૂણદીપ્તિશોભીચરણામ્ભો જદ્વય:સર્વદા ॥ સર્વજ્ઞ:પુરૂષોતમ:સુચરિતો ધર્માર્થીનાં પ્રાણિનામ્ ભુયાદ્ભુરિ વિભુતયે મુનિપતિ: શ્રીનાભિસૂનુરજિન: ૧ શબ્દો-ધોપચિતા: સદૈવ દધતા પ્રૌઢપ્રતાપશ્રિયો, યેનાજ્ઞાનતમોવિતાનમખિલમ વિક્ષિપ્તમન્ત: ક્ષણમ્ ॥ શ્રીશત્રુજયપૂર્વશૈલશિખરમ ભા-સ્વાનિવોદભાસયન ભવ્યામ્ભોજહિત: સ એષ જયતુ શ્રીમારૂદેવ:પ્રભુ:૨ યો વિજ્ઞાન-મયો જગત્રયગુરૂર્યં સર્વલોકા:શ્રીતા:,સિદ્ધિ

યેન વૃતા સમસ્તજનતા યસ્મૈ નતિં તન્વતે
યસ્માન્મોહમતિરગતા મતિમતામ યસ્યૈવ
સેવ્યં વચો યસ્મિન્ વિશ્વગુણાસ્તમેવ સુતરાં
વન્દે યુગાદીશ્વરમ ૩

અથ શ્રી શાન્તિજીન ચૈતવંદન.

વિપુલ નિર્મલ કીર્તિ ભરાન્વિતો
જયતિ નિર્જર નાથ નમસ્કૃતઃ
લઘુ વિનિરજીત મોહ ધરા ધિપો
જગતિયઃ પ્રભુ શાન્તિજીના ધિપઃ ॥૧॥
વિહિત શાંત સુધારસ મજ્જનં
નિખિલ દુર્જય દોષ વિવર્જિતમ
પરમ પુણ્યવતાં ભજ નીયતાં
ગત મનન્ત ગુણૈ સહિતં સતામ ॥૨॥
તમ ચિરાત્મજ મીશ મનીશ્વરં
ભવિક પદ્મ વિબોધ દિનેશ્વરમ
મહિમ ધામ ભજામિ જગત્રએ

વરમનુત્તર સિદ્ધિ સમૃદ્ધએ ॥૩॥

બીજનું ચૈતવંદન.

દુવિધ ધર્મ જેણે ઉપદીસ્યો, ચોથા અભિનંદન ॥ બીજે જન્મ્યા તે પ્રભુ, ભવ દુઃખ નિકંદન ॥૧॥ દુવિધ ધ્યાન તુમે પરિહરો, આદરો દોષ ધ્યાન ॥ ઈમ પ્રકાસ્યું સુમતી જીને, તે ચવીયા બીજ દન ॥૨॥ દોય બંધન રાગ દ્વેષ,તેહને ભવિ તજીએ॥ મુજપરે શીતલજિન કહે, બીજે દીન શીવ ભજીએ ॥ ૩ ॥ જીવાજીવ પદાર્થનું, કરો નાણ સુજાણ ॥ બીજ દીને વાસુપુજ્ય પરે, લહો કેવળનાણ ॥૪॥ નિશ્ચય નય વ્યવહાર દોષ,એકાંત ન ગ્રહીએ ॥ અરજીન બીજ દિન ચવી,ઈમ જીન આગળ કહીએ ॥૫॥ વર્તમાન ચોવીશીઓએ; ઇમ જીન કલ્યાણ ॥ બીજ દિને કોઇ પામીયા, પ્રભુ

નાણ નિર્વાણ ॥૬॥ ઈમ અનંતચોવીશીએ,
હુવા બહુ કલ્યાણ ॥ જીન ઉત્તમ પદ પદ્મને
નમતાં હોય સુખ ખાણ ॥૭॥ ઇતિ

શ્રી જ્ઞાનપંચમીનું ચૈતવંદન.

ત્રિગડે બેઠા વીરજિન,
ભાખે ભવિજન આગે;
ત્રિકરણશું ત્રિહું લોકજન,
નિસુણો મન રાગે. ૧
આરાહો ભલીભાતસેં,
પંચમી અજુઆલી;
જ્ઞાન આરાધન કારણે,
એહજ તિથી નીહાળી. ૨
જ્ઞાન વિના પશુ સારીખા,
જાણ્યો એણે સંસાર;
જ્ઞાન આરાધનથી લહ્યું,
શીવપદ સુખ શ્રીકાર. ૩

જ્ઞાન રહિત ક્રિયા કહી,
કાશ કુસુમ ઉપમાન;
લોકાલોક પ્રકાશકર,
જ્ઞાન એક પરધાન
જ્ઞાની સાસોસાસમેં,
કરે કર્મનો ખેહ,
પૂર્વ કોડી વરસાં લગે,
અજ્ઞાને કરે તેહ.
દેશ આરાધક ક્રિયા કહી,
સર્વ આરધાક જ્ઞાન;
જ્ઞાન તણો મહીમા ઘણો,
અંગ પાંચમે ભગવાન. ૬
પંચમાસ લઘુ પંચમી,
જાવજીવ ઉત્કૃષ્ટિ;
પંચ વરસ પંચ માસની,
પંચમી કરો શુભ દ્રષ્ટિ. ૭

એકાવનહી પંચનોએ,
કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો;
ઉજવણું કરો ભાવશું,
ટાલે ભવ ફેરો. ૮
એણી પેરે પંચમી આરાહીએ,
આણી ભાવ અપાર;
વરદત ગુણ મંજરી પરે,
રંગ વિજય લહો સાર. ૯

આઠમનું ચૈતવંદન.

મહા શુદ આઠમ દિને,
વિજયા સુત જાયો,
તિમ ફાગણ શુદ આઠમે,
સંભવ ચવિ આવ્યો,
ચૈત્ર વદની આઠમે,
જન્મ્યા રીખભજીણંદ,
દીક્ષા પણ તે દિન લહી,

હુવા પ્રથમ મુનિચંદ.
માઘ શુદી આઠમ દિને,
આઠ કર્મ કર્યાં દુર,
અભિનંદન ચોથા પ્રભુ;
પામ્યા સુખ ભરપુર.
એહીજ આઠમ ઉજળી.
જન્મ્યા સુમતીજીણંદ,
આઠ જાતી કળશે કરી,
નવરાવે સુરઇંદ્ર.
જન્મ્યા જેઠ વદી આઠમે,
મુની સુવ્રત સ્વામિ,
તેમ અશાડ વદી આઠમે,
અષ્ટમી ગતી પામી.
શ્રાવણ વદ આઠમ દિને,
નમી જન્મ્યા જગભાણ.
તેમ શ્રાવણ શુદ આઠમે,

પાસજીનો નિર્વાણ.
ભાદ્રવા વદી આઠમે,
ચવિયા સ્વામિ સુપાસ,
જીન ઉત્તમ પદ પદ્મને,
સેવ્યાથી શીવ વાસ.

શ્રી એકાદશી ચૈતવંદન.

શાસન નાયક વીરજી,
પ્રભુ કેવલ પાયો;
સંઘ ચતુરવિધ થાપવા;
મહસેન વન આયો. ૧
માધવ શીત એકાદશી,
સોમલ વિજયજ્ઞ;
ઈંદ્રભુતિ આદે મળ્યા,
એકાદશ વિજ્ઞ.
એકાદશસેં ચઉ ગુણો,

તેહનો પરીવાર;
વેદ અર્થ અવળો કરે,
મન અભીમાન અપાર. ૩
જીવાદિક સંશય હરીએ,
એકાદશ ગણધાર;
વીરે થાપ્યા વંદીએ,
જિન શાસન જયકાર. ૪
મલ્લી જન્મ અરમલ્લી પાસ,
વર ચરણ વિલાસી;
રૂશભ અજિત સુમતી નમી,
મલ્લી ઘન ઘાતી વિનાશી. ૫
પદ્મ પ્રભ શિવવાસ પાસ,
ભવ ભવના તોડી;
એકાદશી દિન આપણી,
રૂદ્ધિ સઘળી જોડી. ૬
દશ ક્ષેત્રે ત્રિહું કાળના,

ત્રણશે કલ્યાણ;
વરસ અગ્યાર એકાદશી,
આરાધો વર નાણ. ૭
અગ્યાર અંગ લખાવીએ,
એકાદશ પાઠાં;
પુંજણી ઠવણી વિંટણી,
મશી કાગળ કાઠાં. ૮
અગ્યાર અવૃત છાંડવાં એ,
વહો પડિમાં અગીઆર;
ખિમા વિજય જિન શાસને,
સફળ કરો અવતાર.

ભાગ ૨ જો.

સ્તુતિ.

છે પ્રતિમા મનોહારીણી,
દુઃખ હરી શ્રી વીરજીણંદની,
ભક્તોને છે સર્વદા સુખકરી,
જાણે ખીલી ચંદની.
તે પ્રતીમાના ગુણ ભાવ ધરીને,
જે માણસો ગાય છે,
પામી સઘળાં સુખ તે જગતનાં,
મુક્તી ભણી જાય છે.

સ્તુતિ તથા લાવણીઓ.

મંગળાચરણ.

પૂર્ણાનંદ મયં મહોદય મયં,
કૈવલ્ય ચિદ્દિગ મયં. ૧

રૂપાતિત મયં સ્વરૂપ રમણં;
સ્વભાવિકી શ્રીમયં. ॥
જ્ઞાનોદ્યોત મયં કૃપારસ મયં,
સ્યાદ્વાદ વિદ્યાલયં. ॥
શ્રી સિદ્ધાચલ તિર્થરાજ મનિષં;
વંદેહ માદિશ્વરં. ૧
પૂણ્યાનાં વિપણીસ્તમો દિનમણી,
કામેભ કુંભ સરણી. ॥
મોક્ષે નિસરણિ સૂરેંદ્ર કરણી,
જ્યોતી પ્રભા સારિણિ. ॥
દાને દેવમણી તોમ જન,
શ્રેણી કૃપા સારિણિ.
વિશ્વાનંદ સુધા ધૃણિર ભવભિદે,
શ્રી પાર્શ્વ ચિંતામણી.
નેત્રાનંદ કરી ભવોદધિ તરી,
શ્રેયસ્તરો મંજરી.

શ્રીમદ્ ધર્મ મહા ધુરંધ નગરે,
વ્યાપલ્યતા ધુમરિ. ા
હર્ષોત્કર્ષ શુભ પ્રભાવલહરી,
રાગણ્દિસાંજીત વરી. ા
મુર્તિ શ્રીજિન પુંગવસ્ય ભવતો,
શ્રેયસ્તરી દેહિનામ. ાા૩ાા

—:o:—

શ્રેય સંકેત શાળા,
સુગુણ પરિ મલૈ,
જેય મંદાર માલા
છીનવ્યા મોહજાલા,
પ્રમદ ભરસરૈં પુર્ણ મેઘમાળા.
નમ્ર શ્રી મન્મશાલા,
વિતરણ કલીઆ,
નીરજીત સ્વર્ગ વીશાલા.

તન મુરતિ શ્રી વીશાળા,
વિદલતુ દુરીતં,
નંદીતંક્ષોની પાલા.

અરહન્તો ભગવંન્ત ઈન્દ્રમહિતા:
સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા:,
આચાર્યા જિનશાસનોન્નતિકરા:
પૂજ્યાઉપાધ્યાયકા:
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા.
રત્નત્રયારાધકા:
પંચઈતે પરમેષ્ટિન: પ્રતિદિનં
કુરવન્તુનો મંગલમ.

સરસ શાંતી સુધારસ સાગરં
શુચીતરં ગુણરત્નમહાકરમ
ભવિકપંકજબોધદિવાકરં.
પ્રતિદિનં પ્રણમામિ જીનેશ્વરમ.

શ્રી શાંન્તિનાથની સ્તુતિ.

રાજન્ત્યા નવપદ્મરાગરૂચિરૈઃ
પાદૈરજિતાષ્ટાપદા
દ્રૈકો પદ્રુત જાત રૂપ વિભયા,
તન્વાર્યધી રક્ષમામ ૧
બ્રિભત્યા મરસેવ્યયા જિનપતે
શ્રી શાંતીનાથા સ્મરો
દ્રૈકો પદ્રુત જાત રૂપ વિભયા,
તન્વાર્યધી રક્ષમામ.

સિધ્ધાચળની સ્તુતિ.

શત્રુંજય મંડણ રૂશભજીણંદ દયાળ,
મારૂદેવા નંદન વંદન કરૂં ત્રણ કાલ,
એ તીર્થ જાણી પુર્વ નવાણું વાર,
આદીશ્વર આવ્યા જાણી લાભ અપાર.

બીજની સ્તુતિ.

દિન સકળ મનોહર,
બીજ દિવસ સુ વિવેશ.
રાય રાણા પ્રણમે,
ચંદ્ર તણી જીહાંરેખ.
તીહાં ચંદ્ર વિમાને,
શાશ્વતા જીનવર જેહ.
હું બીજ તણે દિન,
પ્રણમું આણી નેહ.

શ્રી આદિશ્વર સ્તુતિ.

ભવ્યાં ભોજ વિબોધનૈક તરણે,
વિસ્તારી કર્માવલી;
રંભા સમાજ નાભીનંદન મહા,
નષ્ટા પદા ભાસુરૈ.
ભકત્યા વંદીત પદ્મવિદુષાં,

સંપાદ્ય પ્રોજ્જિજતા;
રંભા સામજ નાભિનંદન મહા,
નષ્ટા પદ્મા ભાસુરૈ.

પાંચમની થોય.

શ્રાવણ શુદી દીન પંચમીએ,
જન્મ્યા નેમ જીણંદતો;
સ્યામ વરણ તનુ શોભતું એ,
મુખ શારદકો ચંદતો.
સહસ વરસ પ્રભુ આવખું એ,
બ્રહ્મચારી ભગવંતો;
અષ્ટકર્મ હેલે હણીએ,
પોહોચ્યા મુકતી મહંતતો.

આઠમની થોય.

મંગળ આઠ કરી જસ આગળ,
ભાવ ધરી સુરરાજજી;

આઠ જાતીના કળસ ભરીને,
નવરાવે જીનરાજજી.
વિરજીનેશ્વર જન્મ મહોચ્છવ,
કરતા શિવ સુખ સાધેજી;
આઠમનો તપ કરતાં અમ ઘેર,
મંગળ કમળા વાધેજી.

શ્રી સીમંધર સ્વામીની થોય.

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી, સોનાનું સિંહાસનજી ॥ રૂપાનું ત્યાં છત્ર બીરાજે, રત્નમણીમાં દીવા ચારજી ॥ કુમકુમ વરણી ત્યાં ગુંહુળી બિરાજે, મોતીના અક્ષર સારજી ॥ ત્યાં બેઠા સીમંધરસ્વામી, બોલે મધુરી વાણીજી ॥ કેસર ચંદન ભર્યાં કચોળાં, કસ્તુરી બરાસોજી ॥ પહેલી પુજા અમારી હોજો, ઉગમતે પ્રભાતેજી ॥

એકાદશી સ્તુતિ

એકાદશી અતિ રૂઅડી,
ગોવિંદ પુછે નેમ;
કીણ કારણ એ પર્વ મ્હોટું,
કહોને મુજશું તેમ.
જીનવર કલ્યાણક અતિ ઘણા,
એકસોને પચાસ;
તેણે કારણ એ પર્વ મોટું,
કરો મૌન ઉપવાસ.

ભાગ ૩ જો.

સ્તવન સમદાય.

સ્તવન ૧.

આંખડીએ રે મેં આજ, શેત્રુંજો દીઠો

રે સલા લાખ ટકાનો દહાડોરે લાગે મુને મીઠોરે ॥ સફળ થયોરે મારા મનનો ઉમાયો, વાલા મારા ભવનો સંશય ભાંગ્યોરે ॥ નરક ત્રિયંચ ગતિ દુર નીવારી, ચરણે પ્રભુજીને લાગ્યોરે ॥ શેત્રુંજો દીઠોરે॥ ૧ ॥ માનવ ભવનો લાહો લીજે, વાલા મારા દેહડી પાવન કીજેરે ॥ સોના રૂપાને ફુલડે વધાવી; પ્રેમે પ્રદક્ષીણા દીજેરે ॥ શેત્રુંજો૦ ॥ ૨ ॥ દુધડે પખાળી કેસર ઘોળી વાલા મારા શ્રી આદિશ્વર પુજ્યારે ॥ શ્રી સિધ્ધાચળ નયણે, જોતાં પાપ મેવાસી ધરૂજ્યાંરે ॥ શે૦ ॥ ૩ ॥ શ્રી મુખ સુધરમા સુરપતિ આગે, વાલા મારા વીરજીણંદ એમ બોલેરે ॥ ત્રણ ભુવનમાં તીરથ મોટું, નહીં કોઇ શે૦ તોલેરે ॥ શે૦ ॥૪॥ ઈંદ્ર સરીખા એ તીરથની, વા-

લા મારા ચાકરી ચિત્તમાં ચાહેરે ॥કાયાની તો કાસર કાઢી, સુરજ કુંડમાં નાહેરે ॥ શેત્રુંજો૦ ॥૫॥ કાંકરે કાંકરે શ્રી સિધ્ધક્ષેત્રે વાલા મારા સાધુ અનંતા સીધ્યારે ॥ તે માટે એ તીરથ મોટું, ઉધ્ધાર અનંતા કીધારે ॥ શે૦ ॥ ૬ ॥ નાભીરાયા સુત નજરે જોતાં વાલા મારા મેહ અમીરસ વુઠયારે ॥ ઉદયરતન કહે આજ મારે પોતે, શ્રી આદીશ્વર તુઠયારે ॥ શે૦ દીઠારે ॥૭॥

સ્તવન ૨.

મનના મનોરથ સવી ફળ્યાએ, સિધ્યાં વંછીત કાજ ॥ પુજો ગિરિરાજનેરે ॥ પ્રાયે એ તીરથ શાશ્વતો એ, ભલજળ તરવા ઝાઝ ॥ પુજો૦ ॥૧॥ મણી માણેક મુકતા-ફળએ, રજત કનકનાં ફુલ ॥ પુજો૦ ॥ કેશર ચંદન ઘસી ચણાંએ, બીજી વસ્તુ

અમુલ ॥ પુજો૦ ॥ ૨ ॥ છઠે અંગે દા-
ખીઓએ, આઠમે અંગે ભાખ ॥ પુજો૦ ॥
સારાવળી થઇને વરણ્યોએ, એ આગ-
મની સાખ પુજો૦ ॥ ૩ ॥ વિમળ કહે ભવિ
લોકને એ, તેને વિમળાચળ જાણ ॥પુજો॥
શુક રાજાથી વિસ્તરયો એ, શે૦ ગુણ
ખાણ ॥ પુજો ॥ ૪ ॥ પુંડરીક ગણધરથી
થયો એ, પુંડરીક ગિરી ગુણધામ ॥પુજો ॥
સુરનર કૃત એમ જાણીએએ, ઉત્તમ એ-
કવીશ નામ ॥ પુજો૦ ॥ ૫ ॥ એગીરીવરના
ગુણ ઘણા એ, નાણીએ નવી કહેવરાય
॥ પુજો૦ ॥ જાણે પણ કહી નહીં શકે એ,
મુગદ ધુડને ન્યાય ॥ પુજો૦ ॥૬॥ ગીરી-
વર ફરશત નવી કરયોએ તે રહ્યો ગરભાવાસ
॥ પુજો૦ ॥ નમન દર્શન પર્સન કર્યોએ, પૂરે
મનની આશ ॥ પુજો૦ ॥૭॥ આજ મહા-

દય એ લહુયોએ પામ્યો પ્રમોદ રસાળ પુજો૦ ॥ મણી ઉદ્દયોત ગીરી સેવતાંએ, ઘેરઘેર મંગળ માળ ॥પુજો ગીરીરાજનેરો॥૮

સ્તવન ૩.

વિમળા ચળ વિમળા પ્રાણી, શીતળ તરૂ છાયા ઠરાણી ॥ રસ વેધક કંચન ખાણી, કહે ઈંદ્ર સુણો ઈંદ્રાણી ॥ સનેહી સંત એ ગિરી સેવો ॥૧॥ હાંરે ચોદ ક્ષેત્રમાં તીરથ નહી એવો ॥ સનેહી સંત૦ ખટરી પાળી ઉલ્લસીએ, છઠ અઠમ કાયા કશીએ ॥ મોહમલ્લની સામા ધસીએ,હાંરે વિમળાચળ વેગે વશીએ ॥ સનેહી૦ ॥૨॥ અન્ય થાનક કર્મ જે કરીએ, તે હેમગિરી હેઠા હરીએ ॥ પાછળ પ્રદક્ષિણા ફરીએ, હાંરે ભવજળથી હેલા તારીએ ॥ સ-

નેહી૦ ॥૩॥ શીવ મંદીર ચઢવા કાજે, સો પાનની પાતી બિરાજે ॥ ચડતાં સામ કીરતી છાજે, હાંરે દુર ભવ્ય અભવ્યતે લાજે ॥સનેહી૦ ॥૪॥ પાંડવ પમુહા કોઈ સંત્તા આદિશ્વર ધ્યાન ધરંતા, પરમાતમ ભાવ ભજંતા, હાંરે સિદ્ધાચળ સીધ્યા આનંતા ॥ સનેહી૦ ॥ ૫ ॥ હાંરે ખટમાસી ધ્યાન ધરાવે, શુકરાજાનું રાજ નીપાવે ॥ બહીરંતર શત્રુ હરાવે, હાંરે શેત્રુંજય નામ ધરાવે ॥ સનેહી૦ ॥૬॥ પ્રાણી ધ્યાને ભજો ગિરી સાચો, તીરથંકર **નામે** નીકાચો ॥ મોહરાયને લાગે તમાચો, હાંરે શુભવીર વીમલગીરી જાચો ॥ સનેહી૦ ॥ ૭ ॥

સ્તવન ૪.

સિદ્ધાચળ ગિરી ભેટયારે, ધન ભાગ્ય

અમારા ॥ એ ગિરીવરનો મહીમા મોટો,
કહેતાં ન આવે પાર ॥ રાયણ રીખત્ર સ-
મોસરયા સ્વામી પુરવ નવાણું વારારોધ-
ન૦ ॥૧॥ મુખ નાયક શ્રી આદીજીનેશ્વર,
ચોમુખ પ્રતિમા ચાર ॥ અષ્ટ દ્રવ્યશું
પુજો ભાવે, સમકિત મુળ આધારરે ॥ ધ-
ન૦॥૨॥ ભાવ ભગતીશું પ્રભુ ગુણ ગાતાં,
અપના જન્મ સુધારા ॥ યાત્રા કરી ભવિ
જન શુભ ભાવે નર્ક તીર્યંચ ગતી વારારે
ધન૦ ॥૩॥ દુર દેશાંતરથી હું આવ્યો,શ્ર-
વણે સુણી ગુણ તોરા ॥ પતિત ઉદ્ધારણ
બિરદ તુમારો, એ તીરથ જગ સારારે ॥
ધન૦ ॥૪॥ અઢારશે ત્યાશી માસ અશાઢ,
વદ આઠમ ભોમવાર ॥ પ્રભુકે ચરણ પ્ર-
તાપે સંઘમાં, ખમારતન પ્રભુ પ્યારારે ॥
ધન ભાગ્ય અમારા ॥ ૫ ॥

સ્તવન ૫.

મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચળેરે, દેખીને હરખીત હોય ॥ વિધિ શું કીજે રે જાત્રા એહનીરે. ભવ ભવના દુઃખ જાય ॥ મારૂં૦ ॥૧॥ પંચમે આરેરે પાવન કારણેરે એ સમો તિરથ ન કોય ॥ મોટો મહીમારે જગમાં એહનોરે આભરતે ઇહાં જોય. ॥૨॥ ઇણ ગિરિ આવ્યારે જીનવર ગણધરારે, સિધ્યા સાધુ અનંત ॥ કઠણ કરમ પણ એ ગિરીફરસતાંરે, હોવે કરમની શાંત ॥ મારૂં૦ ॥૩॥ જૈન ધર્મ તે સાચો જાણીનેરે, માનવ તિરથ એ સ્થંભ ॥ સૂરનર કિન્નર નૃપ વિદ્યાધરારે, કરતા નાટારંગ ॥ મારૂં૦ ॥૪॥ ધન્ય ધન્ય દહાડોરે ધન વેળા ઘડીરે, ધરીએ હૃદય મોઝાર ॥ જ્ઞાન

વિમળસુરી ગુણ એના ઘણારે, કહેતાં નાવે પાર ॥ મારૂં૦ ॥ ૫ ॥

સ્તવન ૬.

શ્રીરે સિધ્ધાચળભેટવા, મુજ મન અધિક ઉમાયો ॥ રીખવદેવ પુજા કરી, લીજે ભવતણો લાહો ॥ શ્રીરે૦ ॥૧॥ મણીમય મુરત શ્રી રીખભની, એ નીપાયે અભીરામ ॥ ભુવન કરાવ્યાં કનકનાં રાખ્યાં ભરતે નામ શ્રીરે૦ ॥૨॥ નેમ વીના તેવીશ પ્રભુ, આવ્યા સિધ્ધક્ષેત્ર જાણી ॥ શેતરૂંજા સમો તીરથ નહીં બોલ્યા શ્રીમંધર વાણી ॥ ॥શ્રીરે૦૩॥ પુવ નવાણું સમોસર્યા, સ્વામી શ્રી રીખભ જીણંદ ॥ રામ પાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદ ॥ શ્રીરે૦॥ ૪ ॥ પુરવ પુન્ય પસાઉલે, પુંડરીક ગિરી પાયો

ક્રાંતિવિજય હરખે કરી, શ્રી સિધ્ધાચળ ગાયો ॥શ્રીરે૦ ॥૫॥

સ્તવન ૭.

સમકિત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડલ ગયાં દુરરે ॥ મોહન મારૂદેવીનો લાડણોજી, દીઠો મીઠો આનંદ પુરરે ॥ સમ૦ ॥ ૧ ॥ આયુ વરજીત સાતે કરમનીજી, સાગર કોડા કોડી હીણુરે ॥ સ્થીતી પઢમ કરણે કરીજી, વીર્ય અપુરવ મોઘર લીધરે ॥ સમ૦ ॥૨॥ ભુંગળ ભાગી આઘ કખાયનીજી, મિથ્યાત મોઢની સાંકળ સાથરે ॥ બાર ઉઘાડયાં શમ સંવેગનાંજી, અનુભવ ભવને બેઠો નાથરે સમ૦॥૩॥ તોરણ બાંધ્યું જીવદયા તણુંજી, સાથીઓ પુર્યો શ્રદ્ધારૂપરે ॥ ધુપ ઘટી પ્રભુ ગુણ અનુમોદનાદજી, ધીગુણ મંગળ અનુ-

પરે ॥ સમ૦॥૪॥ સંવર પાણી અંગ પ- ખાલણેજી, કેસરચંદન ઉત્તમ ધ્યાનરો આ- તમ ગુણરૂપ મૃગમદ મહ મહેજી, પંચચાર કુસુમ પ્રધાનરે ॥ સમ૦ ॥૫॥ ભાવ પુ- જાએ પાવન આતમાજી, પુજો પરમેશ્વર પુન્ય પવિત્રરે ॥ કારણ જોગે કારણ નીપજે- જી, ખીમાવિજય જીન આગમ રીતરે ॥ સમ૦ ॥ ૬ ॥

સ્તવન ૮.

ઉમીયા મુજને ઘણી જીહો ભેટું વિમળ ગિરિરાય ॥ હોઇતરા મુજ પાંખડી, જીહો લળી લળી લાગું પાય કે ॥ મોહનગારા હો રાજ રૂડા, મારા સાંભળ સલુણા સુડા ॥ ૧ ॥ શેતરૂંજો શિખર સોહામણો, જીહો ધન્ય ધન્ય રાયણરૂખ ॥ ધન્ય પગલાં પ્રભુજી તણાં જીહો દીઠડે ભાંગે ભુખ કે

॥ મોહન ० ॥ ૨ ॥ ઇણી ગિરિ આવી મોસરયા, જીહો નાભીનંદ મલાર ॥ પાવન કીધી વસુંધરા, જીહો પુર્વ નવાણું વારકે ॥ મોહન० ॥ ૩ ॥ પુંડરીક મુની મોક્ષે ગયા, જીહો સાથે મુની પંચકરોડ ॥ પુંડરીક ગીરીવર એ થયા, જીહો નમો નમો બે કર જોડકે ॥ મોહન ॥ ॥ ૪ ॥ એણે તીરથે સિધ્યા ઘણા, જીહો સાધુ અનંતિ ક્રોડ ॥ ત્રણ ભુવનમાં જોયતાં, જીહો નહીં કોઇ એહની જોડકે ॥ મોહન० ॥૫॥ મનવંછીત સુખ મેળવે, જીહો જપતાં એ ગિરિરાજ ॥ દ્રવ્ય ભાવ વૈરી તણો, જીહો ભય જાયે રવિ ભાંજકે ॥ મોહન ० ॥૬॥ વાચક રામવિજય કહે, જીહો નમો નમો તિરથ એહ ॥ શિવમંદીરની શ્રેણ છે, જીહો એહમાં નહીં સંદેહ કે ॥મોહન ॥ ૭ ॥

સ્તવન ૯.

આજ આનંદ થયો શ્રી સિદ્ધાચળ નીરખી ॥ ધન્ય દીન આજનો, મારે આંગણે મોતીડે મેહ વુઠયા, મારે કુળદેવા આપે તુઠયા ॥ શું તો રયણ ચીંતામણી કર પાયો, મારે કુંભ દામ આજ ઘેર આયોરે ॥ આજ૦ ॥ ૧ ॥ મારે આંગણે કલ્પ પદમ ફળીયો, મારે પુન્યયોગે ઉદયબળીયો સંઘવી તે મોદી પ્રેમચંદસંગચલાવ્યો ઉછરંગે ॥ આ૦ ॥૨॥ જેણે લખી કંકોતરી દેશોદેશે, તમે યાત્રાએ આવજો શુભ વેશે ॥ સૌ દેશ દેશનો સંઘ આવે એતો પુન્ય પરીબળ ઘણું સોહાવેરે ॥આ૦॥૩॥ કેઇ વ્યવહારીને લટકાળા, કેઈ ઉત્તમ જીવ છહરી વાળા ॥ કેઇ શીયળવંતાને પાયે ચાલે કોઇ સચીત તણા વળી પરીહારારે

આ૦ ॥૪॥ વિજય ધર્મસુરીને તપગચ્છ રાયા, સિધ્ધક્ષેત્ર ફરસવાને સહુ આવ્યા ॥ ગિરી ફરશીને આનંદ પાયા, મેંતો પુજ્યા રીષભ જીણંદના પાયારે ॥ આ૦ ॥ ૫ ॥ ઘણી ગીરીવરીએ અણસણ કીધાં. કેઈ ઉત્તમ જીવ સાધુ સિધ્ધા ॥ કેઈ ઉત્તમ એ ગીરીવર રાયા, ફરશી કીજે નિર્મળ કાયારે ॥ આ૦ ॥ ૬ ॥ સંવત અઢાર સાડત્રીશ વરસે, ચૈત્ર શુદ તેરસ દિન હરખે ॥ સંગ ભ્રગુવારે ભલો જશ લીધો, સંઘ સ્વામી વસ્તળ બહુ કીધોરે ॥આ૦ ॥ ૭ ॥ એતો રાજનગરના સંઘ માંહી, રથયાત્રાદીક કરે ઉછાહી ॥ માંહી પટણી સંઘ સાથે આવે, ગિરો પદ્મ વિજય પુન્યે પાવેરે ॥ આજ૦ ॥ ૮ ॥ ઇતિ ॥

સ્તવન ૧૦.

જાત્રા નવાણું કરીએ વિમલગીરી જાત્રા નવાણું કરીએ ॥ ૧ ॥ સહસ કોડી ભવ પાતીક તુટે, શેતરૂંજા સામો ડગ ભરીએ વિ ॥ જા ॥૨॥ પુરવ નવાણુવાર શેતરૂંજા ગીરી ઋષભજીણંદ સમોસરીએ ॥વિ॥ જા ॥૩॥ પુંડરીક પદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીએ ॥વિ૦॥જા૦॥૪॥ સાત છઠ દોય અઠમ તપસ્યા, કરી ચડીએ ગીરીવરીએ ॥ વિ૦ ॥ જા૦ ॥ ૫॥ પડિકકમણાં દોય વિધીશું કરીએ, પાપપડળ પરીહરીએ ॥વી૦॥ જા૦॥ ૬ ॥ ભુમી સંથારો ને નારીતણો સંગ, દુરથકી પરહરીએ ॥વી૦॥ જા૦ ॥૭॥ એકલ આહારી ને સચીત પરીહારી, ગુરૂ સાથે પદ ચરીએ ॥ વી૦॥ જા૦ ॥ ૮ ॥ કલીકાલે એ તીરથ

મ્હોટું પ્રવહણ જેમ ભર દરીએ ॥ વી૦ ॥ જા૦ ॥૯॥ ઉત્તમ એ ગીરિવર સેવતાં પદમ કહે ભવ તરીએ, ॥ વિમળગીરી જાત્રા નવાણું કરીએ ॥ ૧૦ ॥

સ્તવન ૧૧.

કરજોડી કહે કામની, લલના, લાલહો પ્રીતમજી અવધાર ॥ એ ગીરી વારૂરે ॥ ॥ લલના ॥ સફળ કરો લઇ આપણો, લ૦ લાલહો માનવનો અવતાર ॥ એગીરી૦॥૧॥ નવલશા ટીકો શું કરો, લ૦ લાલહો સજ-વાડા જોડાવ ॥ એ ગીરી૦ ॥ સુનંદાનો નાહલો, લ૦ ॥ લાલહો ત્રિભુવન તીલક ભેટાવ ॥ ગીરી૦ ॥ ૨ ॥ અજીત સેનાદીક જી-નવર, લ૦ લાલહો મુકિત ગયા ઇણ ઠામ ॥ એ ગીરી૦ ॥ જીન તણું ફરશી ભુમીકા લ૦ લાલહો સિદ્ધ અનંતનું ઠામ ॥ એ

ગીરી૦ ॥ ૩ ॥ ઇણ ચોવીશી સિદ્ધાચળે, લ૦ લાલહો નેમ વીના ત્રેંવીશ ॥ એગીરી॥ ભાવી ચોવીસી આવશે, લ૦ ॥ લાલહો પદ્મ નાભાદી જગીસ ॥ એ ગીરી૦ ॥૪॥ આદી જીણંદ સમોસરયા, લ૦ લાલહો પૂર્વ નવાણુંવાવ ॥ એ ગીરી ॥ ચોમાસુ અજિત જીનેશ્વર, લ૦ લાલહો શાંતિ ચોમાસુ સાર એ ગીરી૦ ॥૫॥ પંચ ક્રોડ પરિવારસું, લ૦ લાલહો રીષભસેના પુંડરીક ॥ એ ગીરી ॥ ચૈત્રીપુનમ શીવ સંપદા, લ૦ લાલહો પામી થયા નીરભય ॥ એ ગીરી૦ ॥૬॥ કારતીકપુનમે કામીત વર્યા, લ૦ લાલહો દ્રાવીડવારી ખીલ્ય દોય ॥ એ ગીરી૦॥ દશ-કરોડ મુની મહુંતસુ, લ૦ લાલહો પ્રણુમી પાતીક ધોય ॥ એ ગીરી. ॥ ૭ ॥ નમી વનમી વીદ્યાધરા, લ૦ લાલહો બે કોડી મુની

સંઘાત ॥ એ ગીરી. ॥ ફાગણ શુદ દશામી દીને, લ. લાલહો કીધો કર્મનો ઘાત એ ગીરી. ૮ ॥ રીષભવાશી નૃપતિ ઘણા, લ. લાલહો ભરત અરજ કેઈ પાટ ॥ એ ગીરી. સિધ્ધાચળ શ્રેણે ચડયા, લ. લાલહો રોપ્યા ધરમના ઘાટ ॥ એ ગીરી ॥ ૯ ॥ નારદ એકાણું લાખશું, લ. લાલહો રામ ભરત ત્રણ ક્રોડ ॥ એગીરી ॥ વીશ કરોડશું પાંડવા, લ. લાલહો દેવકી સુત ખટ જોડ ॥ એ ગીરી. ॥૧૦॥ હુરીનંદન દોય વંદી એ, લ. લાલહો સાંગ પ્રદયુમ્ન કુમાર ॥એ ગીરી. ॥ કરોડ સાડી આઠ સાથે થયા, લ. લાલહો શીવસુંદરી ભરથાર ॥ એ ગીરી॥ ૧૧॥ થાવચાસુત સંજમી, લ. લાલહો સહેસશું અણુસણ લીધ ॥ એ ગીરી. ॥ નમ શીષ્ય નંદીખેણુજી, લ. લાલહો અ-

જીત શાંતી ચોમાસું કીધ ॥ એ ગીરી ॥
૧૨ ॥ સુવૃતશેઠ મુણંદશું, લ.લાલહો શુક
પરીવ્રાજક સીધ ॥ એ ગીરી. પંચસયા
સેલીંગ સુરી, લ. લાલહો મંડકમુની સુ-
પ્રસિદ્ધ ॥ એ ગીરી. ॥ ૧૩ ॥ સિધ્ધાચળ
વિમલગીરી, લ. લાલહો મુકિતની લય શીવ
ઠામ એ ગીરી. શેતરૂંજા આદી જેહનાં, લ.
લાલહો ઉત્તમ એકવીશ નામ એ ગીરી.॥
૧૪ ॥ ભવસાયર તરીએ જેણે, લ. લાલ-
હો તીરથ તેહ કહેવાય એ ગીરી. ॥કારણ
સકળ સફળ હોવે, લ. લાલહો આતમવી-
રજ સોહાય એ ગીરી. ૧૫॥ તીરથસ્થંભ
એ જૈનનો, લ. લાલહો શીવમંદીર સોપાન
એ ગીરી. ॥ ખીમાવીજય ગુરૂથી લહો;
લ. લાલહો સેવક જીન ધરે ધ્યાન ॥ એ
ગીરી. ॥ ૧૬ ॥ ઇતી ॥

સ્તવન ૧૨.

તમે તો ભલે બીરાજોજી, શ્રી સિધ્ધાચળ કે વાસી ॥ સાહીબ ભલે બીરાજોજી ॥ આંકણી ॥ મારૂદેવીનો નંદન રૂડો, નાભી નરીંદ મલ્હાર ॥ જુગલા ધરમ નીવારણ આવ્યા; પુરવ નવાણુંવાર ॥ તમે તો. ॥ ૧ ॥ મુળદેવને સનમુખ રાજે, પુંડરીક ગણધાર ॥ પંચકોડસ્યું ચૈત્રી પુનમે, વરીઆ શીવ વધુ સાર ॥ તમે તો. ॥૨॥ સહસકોટ દક્ષીણ બીરાજે, જીનવર સહસ ચોવીશ ॥ ચઉદસેં બાવન ગણધરનાં, પગલાં રાયણ હેઠે, પુજી પરમાનંદ ॥ અષ્ટાપદ ચઉવીશ જીનેશ્વર, સમેત વીશ જીણંદ ॥ તમે તો. ॥૪॥ મેરૂ પરવત ચૈત્ય ઘણેરા, ચઉમુખ બીંબ અનેક ॥ બાવન જી-

નાલયનાં દેવળ નીરખી, હરખ લહુ અતી. શોક તમે તો.ાાપાા સહેસફેણા ને સામળા પાસજી, સમોવસરણ મંડાણુ ાા છીપાવસી ને ખડતર વસી કંઈ પ્રેમાવસી પરમાણ તમે તો, ાા ૬ ાા સંવત અઢાર ઓગણી પચાશે, ફાગણ અષ્ટમી દીન ાા ઉજવળ પક્ષે ઉજવળ હુઓ, ગીરી ફરસ્યા મુજ મન ાા તમે તો. ાા ૭ ાા ઇત્યાદિક જીન બીંબ નીહાળી, સાંભળી સિધ્ધ શ્રેણ ાા ઉત્તમ ગીરીવર કેણીપેરે વીસરે, પદ્મવીજય કહે જેણ ાા તમે તો ભલે બીરાજોજીાા૮ાા

શ્રી પુંડરીકજીનું સ્તવન ૧૩.

એક દીન પુંડરીક ગણધરૂરે લાલ, પુછે શ્રી આદી જીણુંદ સુખકારીરે ાા કહીએ ભવજળ ઉતરીરે લાલ, પામીશ પરમાનંદ ભવવારીરે ાાાએક૦૧ાા કહે જીન ઈણી ગીરી

પામશોરે લાલ, જ્ઞાન અને નીરવાણુ જયકા
રીરે ॥ તીરથ મહીમા વાધશે લાલ, અ-
ધીક અધીક મંડાણુ નીરધારીરે ॥ એક૦
॥ ૨ ॥ ઈમની સુણીને તીહાં આવીયારે
લાલ ઘાતી કરમ કરયાં દુર તમવારીએ ॥
પંચકરોડ મુની પરવરયારે લાલ, હુઆ
સિ ધ્ધ હજુર ભવવારીરે ॥એક૦॥૩॥ચૈત્રી
પુનમ દીન કીજીએરે લાલ, પુજા વિવિધ
પ્રકાર દીલધારીરે ॥ ફળ પ્રદક્ષિણા કાઉસગા
રે લાલ, લોગસ્સ થુઇ નમુકાર નરનારીરે
॥એક૦॥૪॥ દસવીસ તીસ ચાલીસ ભલારે
લાલ, પચાસપુષ્પની માળ અતીસારીરે ॥
નરભવ લાહો લીજીએરે લાલ, જેમ હોય
જ્ઞાન વિશાળ મનોહારીરે ॥ એક૦ ॥૫॥

રાયણનું સ્તવન ૧૪

નીવુડી રાયણ તરૂતળે, સુણ સુંદરી ॥ પીલુડ પ્રભુના પાયરે, ગુણમંજરી ॥ ઉજવળ ધ્યાને ધ્યાઇએ, સુણ એહીજ મુકિત ઉપાયરે ગુણ. ॥ શીતળ છાંયાયે બેશીએ ॥ ગુણ. ॥ રાતડો કરી મન રંગેરે ગુણ ॥ પુજીએ સોવન પુલડે ॥ ગુણ॥ જેમ હોય પાવન અંગરે ॥ ગુણ. ॥ ખીર ઝરે જેહ ઉપરે ॥ સુણ. ॥ નેહ ધરીને એહરો॥ગુણ॥ ત્રીજે ભવે તે શીવ લહે ॥ સુણ ॥ થાયે નીરમળ દેહરે ગુણ.॥ પ્રીત ધરી પ્રદક્ષીણા ॥ સુણ. ॥ દીએ એહને જે સારરે ॥ગુણ॥ અભંગ પ્રીતી હોય જેહને ॥ સુણ ॥ ભવ ભવ ભુમ આધાર॥ ગુણ ॥ કુસુમફળ પત્ર મંજરે ॥ સુણ. ॥ શીખા થડને મુળરે ॥ ॥ગુણ. ॥ દેવા તણા વાસાય છે ॥ સુણ. ॥

તીરથ ને અનુકુળરે ાાગુણ.ાા જ્ઞાન વિમળ ગુણ ભાખીયો ાાસુણ.ાા શેતરૂંજા મહાત્મ્ય માંહરે ાા ગુણ મંજરી ાા ઇતિ ાા

શ્રી આદીજીન વિનંતી.

સુણ જીનવર શેતરૂંજા ધણીજી, દાસ તણી અરદાસ ાઃ ાા તુજ આગળ બાળક પરેજી, હું તો કરૂં વીષાસરે ાા જીનજી મુજ પાપીને તાર ાા તું તો કરૂણારસ ભરયોજી, તુ સહુનો હીતકારરે જીનજી ાા મુજ. ાા ૧ ાા હું અવગુણનો ઓરડોજી, ગુણ તો નહીં લવલેશ ાા પરગુણ પેખી નવી શકુંજી, કેમ સંસાર તરશેરે જીનજી મુજ ાા ૨ ાા જીવતણા વધ મેં કર્યાજી બો-લ્યા મૃષાવાદ ાા કપટ કરી પરધન હર્યાંજી સેવ્યા વીષય સંવાદરે જીનજીાા મુજ ાા૩

હું લંપટ હું લાલચીજી કર્મ કીધાં કેઈ ક્રોડ ॥ ત્રણ ભવનમાં કો નહીંજી, જે આવેમુજ જોડરે જીનજી મુજ ॥૪॥ છીદ્ર પરાયાં અહનીશેજી, જોતો રહું જગનાંથ ॥ કુગતીતણી કરણી કરીજી, જોડયો તેહશું સાથરે જીનજી મુજ ॥૫॥ કુમતી કુટીલ કદાગ્રહીજી, વાંકી ગતી મતીમુજ ॥ વાંકી કરણી મ્હારીજી, શી સંભળાવું તુજરે જીનજી મુજ. ॥ ૬ ॥ પુન્ય વીના મુજ પ્રાણીઓજી, જાણે મેલું રે આથ ॥ ઉંચાં તરૂવર મોરાયાંજી ત્યાંહીં પસારે હાથરે જી. મુજ. ॥૭॥ વીણ ખાધા વીણ ભોગવ્યાજી, ફોગટ કરમ બંધાય ॥ આર્ત ધ્યાન માટે નહીંજી, કીજે કવણ ઉપાયરે જી. મુજ. ॥ ૮ ॥ કાજળથી પણ શામળાજી, મારા મન પરણામ ॥ સોણા માંહી તાહરૂંજી, સંભારૂં નહી નામ.

જી. મુજ ॥૯॥ મુગ્ધ લોક ઠગવા ભણીજી, કરૂં અનેક પ્રપંચ ॥ કુડ કપટ હું કેળવીજી. પાપતણો કરૂં સંચરેજી. મુજ. ॥ ॥ ૧૦ ॥ મત ચંચળ ન રહે કીમેજી રાચે રમણીરે રૂપ ॥ કામ વીટંબણ શી કહુંજી પડીશ હું દુરગતી કુપરે જી. મુજ. ॥૧૧॥ કીશ્યા કહું ગુણ માહારાજી, કીસ્યા કહું અપવાદ ॥ જેમ જેમ સંભારૂં હૈયેજી તેમ તેમ વાધે વીખવાદરે જી. મુજ ॥ ૧૨ ॥ ગુરૂઆ તે નવી લેખવેજી, નિગુણ સેવકની વાત નિચતણે પણ મંદીરજી ચંદ્ર ન ટાળે જ્યોતરે જી. મુજ ॥ ૧૩ ॥ નિગુણો તોપણ તાહરોજી નામ ધરાવ્યું દાસ ॥ કૃપા કરી સંભારેજોજી, પુરજો મુજ મન આશરે જી. મુજ. ૧૪॥ પાપી જાણી મુજ ભણીજી મત મુકો વીસાર ॥ વીખ હળાહળ આદર્યોજી

ઇશ્વર ન તજે તાહુરો જી. મુજ. ॥ ૧૫ ॥
ઉત્તમ ગુણકારી હું એજી સ્વાર્થ વીના સું-
જાણ કર. સણસીંચે સરભરેજી મોહન
માગે દાણરે જી. મુજ. ॥૧૬॥ તું ઉપ-
ગારી ગુણ નિલોજી તું શેવક પ્રતિપાળ ॥
તું સમરથ સુખ પૂરવાજી કર માહારી સં
ભાળરે જી. મુજ. ॥ ૧૭ ॥ તુજને શું
કહીએ ઘણુંજી તું સો વાતે જાય ॥ મુજને
થાજો સાહીબા જી ભવ ભવ તાહરી આશરે
જીનજી ॥મુજ.॥૧૮॥ નાભીરાયા કુળ ચંદલો
જી મારૂદેવીના નંદ કહે જીન હરખ નિવાજ
જ્યોજી દેજો પરમાનંદરે જીનજી ॥ મુજ
પાપીને તાર ॥૧૯॥ઇતિ ॥

શ્રી પુંડરગીરિ મહીમાનું સ્તવન.

વીરજી આવ્યારે વિમળાચળકે મેદાન, સુ-
રપતી પાયારે સમોવસરણ કે મંડાણ દેશ-

ના દેવે વીરજી સ્યામ શેત્રંજા મહીમા વર
ણવે તામ ભાખ્યું આઠ ઉપર સો નામ તે-
હમાં ભાખ્યુરે પુંડરગિરી અવિધામ,સોહમ
ઇંદ્રારે, તવ પુછે બહુ માન, કિમ થયું
સ્વામીરે, ભાખો તાસ નિદાન ાાવીર૦ાા
૧ાા પ્રભુજી ભાખે સાંભળ ઈંદ્ર; પ્રથમ તે
હુઆ રીષભ જીણંદ, તેહના પુત્ર તે ભરત
નરિંદ્ર ભરતના હુઆ રિષભસેન પુંડરીક
રિષભજી પાસેરે, દેશના સુણીત હકીન; દી-
ક્ષા લીધીરે ત્રિપદી જ્ઞાન અધીક ાા વીર૦
ાા૨ાા ગણધર પદવી પામ્યા તામ. દ્વાદ
સાંગી ગુંથી અભીરામ, વિચરે મહીયલમાં
અવિધામ, અનુક્રમે આવ્યારે શ્રી સિદ્ધાચળ
ઠામ, મુનીવર કોડીરે, પંચશત પરિણામ,
અણસણ, કીધાંરે, નીજ આતમને ઉદ્દાનાા
વી. ાા૩ાા ચઇત્રિ પુનમ દિવસ એહ, પામ્યા

કેવળજ્ઞાન અછેહ, શિવસુખ વરીઆ અમર આ દેહ, પુરણાનંદીરે, અગુરૂ લઘુ અવગાહ અજ અવીનાશીરે, નીજપદ ભોગી અબાહ, નીજગુણ કરતારે પુદગળે નહીં ચાહ ॥ વીર૦ ॥૪॥ તેણે પ્રગટયું પુંડરગિરીનામ, સાંભળ સોહમદેવલોક સ્વામ, એહનો મહીમા અધીક ઉદ્દામ, તેણે દીન કીજેરે તપ જપ પુજા ને દાન, વૃત વળી પોસહરે, જે કરે અતી દાન ફળ તસ પામેરે, પંચકરોડ ગુણ માન ॥ વીર૦ ॥ ૫॥ ભગતે ભવ્ય જીવ જે હોય ભવ પંચમે મુક્તિ લહે સોય, એહમાં બાધક છે નહીં કોઈ, વ્યવહાર કેરીરે, મધ્ય ફળની એ વાત, ઉત્કૃષ્ટ યોગેરે, અંતરમહુત વિખ્યાત, શીવસુખ સાધેરે, નીજ આતમને અવદાત ॥ વીર૦ ॥ ૬ ॥ ચઈત્રી પુનમ દિવસે એહ પુજા પંચ

પ્રકારી વીશેષ, કીજે નહીં ઉણુમાં કોઈ રેહ, એણીપેરે ભાખીરે, જીનવર ઉત્તમ વાણ, સાંભળી બુઝયા રે, કેઈક ભવિક સુજાણ, એણીપેરે ગાયોરે, પદ્મવિજય શું પરિણામ ॥ વીરપ્રભુ આવ્યારે વિમળાચળકે મેદાન ॥ ૭ ॥

શ્રી ઋષભદેવનું સ્તવન.

માતા મારૂદેવીના નંદ, દેખી તાહરી મુરતી મારૂં મન લોભાણુંજી ॥ મારૂં દીલ લોભાણુંજી ॥ દેખી. ॥ કરૂણા નાગર કરૂણા સાગર, કાયા કંચનવાન, ધોરી લંછન પાઉલે, કાંઇ ધનુષ પાંચસે માન ॥ માતા ॥ ૧ ॥ ત્રીગડે બેસી ધર્મ કહંતા સુણે પરખદા બાર ॥ જોજન ગામીની વાણી મીઠી, વરસંતી જળધાર ॥ માતા ॥૨॥ ઉરવશી રૂડી અપછરા ને; રામા છે મનરંગ

॥ પાયે નેપુર રણઝણે, કાંઇ કરતી ના-
ટારંભ ॥ માતા. ॥ ૩ ॥ તુંહી બ્રહ્માતુંહી
વિધાતા તું જગતારણહાર ॥ તુજ સરીખો
નહી દેવ જગતમાં અવરડીઆ આધાર ॥
માતા. ॥ ૪ ॥ તુંહી ભ્રાતા, તુંહી ત્રાતા,
તું જગતનો દેવ ॥ સુરનર કિન્નર વાસુ-
દેવા કરતા તુજ પદ સેવ ॥ માતા. ॥૫॥
શ્રી સિદ્ધાચળ તીરથ કેરો, રાજા રિખભ
જીણંદ ॥ કીર્તી કરે માણેકમુની તાહરી,
ટાળો ભવભવ ફંદ ॥ માતા. ॥૬॥

શ્રી આદિજીન સ્તવન.

પ્રથમ જીનેશ્વર પ્રણમીએ, જાસ સુ-
ગંધી કાય ॥ કલ્પવૃક્ષપરે તાસ ઇંદ્રાણી
નયન જે, ભ્રગપેર લટપટાય ॥ ૧ ॥ રાગ
ઉરાગ તુજ નવી નડે, અમૃત જે આસ્વા-
દ ॥ તેહથી પ્રતાહત તેહમાંતું કોઇ નવી

કરે જગમાં તમશું વાદ ॥ ૨ ॥ વગર ધોઇ તુજ નીરમળી, કાયા કંચનવાન ॥ નહી પરસ્વેદ લગાર તાર તું તેહને, જે ધરે તાહરૂં ધ્યાન. ॥ ૩ ॥ રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચીત્ત ન કોઇ ॥ રૂધિર અમીરાથી રોગ ગયો તુજ જન્મથી, દુધ સહોદર હોય ॥ ૪ ૪ શ્વાસો શ્વાસ કમળ સમો, તુજ લોકોતર વાદ ॥ દેખે ન આહાર નીહાર ચરમચક્ષુ ધણી, એવા તુજ અવદાત ॥ ૫ ॥ ચાર અતીશય મુળથી, ઓગણીશ દેવના કીધ ॥ કર્મ ખપ્યાથી અગ્યાર ચોત્રીશ ઇમ અતીશયા સમવાયગે પ્રસીદ્ધ ॥ ૬ ॥ જીન ઉત્તમ ગુણ ગાવતાં ગુણ આવે નીજ અંગ ॥ પદ્મવીજય કહે એમ સમય પ્રભુ પાળજો જેમ થાઉં અક્ષય અભંગ ॥ પ્રથમ૦ ॥૭॥

શ્રી રીષભજીન સ્તવન.

રીખભ જીણંદા પ્રથમ જીણંદા, તુજ દરીશન હોય પરમાણંદા ॥ અહીં નીચે ઉર તુંમ દીદારા, મહેર કરીને ફરજો પ્યારા ॥ રીખભ. ॥ ૧ ॥ આપણુને પુંઠે જે વળગા, કીમ સરે તેહને કરતાં અળગા ॥ અળગા કીધા પણ રે કે વળગી, મોર પીંછપરે નહુ ઉભગા ॥ રીખભ. ॥ ૨ ॥ તુમ પણ અળગે થયે કેમ સરસે, ભક્તિ ભલી આકર્ષી લેશે ॥ ગગને ઉડે દુરે પડાઇ, દોરી બળે હાથ રહી આઇ ॥ રીખભ. ॥ ૩ ॥ મુજ મનડું છે ચપળ સ્વભાવે, તો એ અંતરમુહુરત પ્રસ્તાવે ॥ તું તો સમય સમય બદલાએ; એમ કેમ પ્રિતી નીવાહો થાયે ॥ રીખભ. ॥ ૪ ॥ તે માટે તું સાહીબ મહારે, હું છું સેવક ભવોભવ તહારે,

॥ એહ સંબંધમાં મ હોજ્યો ખામી વાચક માન કહે શીર નામી ॥ રીખભ૦॥૫॥

શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન.

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે, ઓર ન ચાહુંરે કંત; રીઝયો સાહેબ સંગ ન પરીહરેરે, ભાંગે સાદી અનંત ॥ ઋષભ૦ ॥૧॥ પ્રીત સગાઇરે જગમાં સહુ કરેરે, પ્રીત સગાઇ ન કોઈ; પ્રીત સગાઇરે નીરૂપાધીક કહીરે, સોપાધીક ધન ખોય ॥ ઋષભ. ॥ ૨ ॥ કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરેરે, મીલશું કંતને ધાય; એ મેળો નવી કહીએ સંભવેરે, મેળો ઠામ ન ઠાય ઋષભ. ॥ ૩ ॥ કોઈ પતીરંજન અતી ઘણું તપ કરેરે, પતિ રંજન તન તાપ, એ પતિરંજન મેં નવી ચીત્ત ધર્યુંરે, રંજન ધાતુ મીલાપ ॥ ઋષભ ॥ ૪ ॥ કોઇ

કહે લીલારે અલખ લલખ તણીરે, લખ પુરે મન આશ; દોષ રહીતને લીલા નવી ઘટેરે; લીલા દોષ વીલાસ ॥ ઋષભ ॥૫॥ ચીત્ત પ્રસન્નેરે પુજન ફલ કહ્યુંરે, પુજા અખંડીત એહ; કપટ રહીત થઈ આતમ અરપણારે, આનંદઘન પદ રેહ ॥ ઋષભ. ॥ ૬ ॥

શ્રી શાન્તીજીનનું સ્તવન.

શ્રી શાંતીજીનેશ્વર સાચો સાહેબ, શાંતી કરણ અતુલમેં હો જીનજી ॥ તું મેરા મનમેં તું મેરા દિલમેં; ધ્યાનધરૂં પલમાં સાહેબજી ॥ તું મેરા ॥૧॥ ભવમાં ભમતાં મેં દરીશન પાયો, આશા પુરા એક પલમેં હો જીનજી ॥ મેરા. ॥૨॥ નીરમલ જ્યોત વદન પર સોહે નીકસ્યોજી ચંદ વાદળમેં હો જીનજી ॥ તું મેરા. ॥૩॥ મેરો મન

તુમ સાથે લીનો, મીન વસે જ્યું જળમેં સાહેબજી ॥ તું મેરા ॥ ૪ ॥ જીન રંગ કહે પ્રભુ શાંતીજીનેશ્વર, દીઠોજી દેવ સકળમેં હો જીનજી ॥ તું મેરા ॥૫॥ ઇતિ ॥

આદીનાથનું સ્તવન.

શ્રી આદીશ્વર અંતરજામી;
જીવન જગત આધાર,
શાંત સુધારસ જ્ઞાને ભરીયો,
સીધાચળ શણગાર.
રાયણ રુડીરે, જીહાં પ્રભુ પાય ધરે;
વીમળગીરી વંદોરે, દેખત દુઃખ હરે,
પુણ્યવંતા પ્રાણીરે, પ્રભુજીની સેવા કરે. ૧.
ગુણ અનંતા ગીરીવર કેરા,
સિધ્ધા સાધુ અનંત,
વળીરે સીધ્ધસે વાર અનંતી,
એમ ભાખે ભગવાન.

ભવો ભવ કેરારે,
પાતીક દુર કરે. વીમળ. ૨
પાવડીયા રસ કુંપા કેરા,
મણી માણેકનીરે ખાણ,
રત્નખાણ બહુ રાજે હો તીરથ,
એવી શ્રી જીનવાણ.
સુખના સ્નેહીરે,
બંધન દુર કરે, વીમળ. ૩
પાંચ કરોડ શું પુંડરીક સીધ્યા,
ત્રણ કરોડ શું રામ,
વીશ કરોડ શું પાંડવે મુકતે,
સીધ્ધક્ષેત્ર સીધ્ધ ઠામ,
મુનીવર મોટારે,
અનંતા મુક્તી વરે. વીમળ. ૪
એસો તીરથ ઓર ન જગમાં,
ભાખે શ્રી જીનરાય,

દુરગતી કાપે ને પાર ઉતારે,
વાલો આપે કેવળ નાણુ,
ભવીજન ભાવેરે,
જે એહનું ધ્યાન ધરે. વીમળ. ૫
દ્રવ્ય ભાવ શું પુજ્યા કરતાં,
પુજો શ્રી જીનરાય,
ચીદાનંદ સુખ આતમ ભેદે;
જ્યોતીસે જ્યોતી મીલાઇ;
કીરતી એહુનીરે,
માણેક મુની કરે, વીમળ. ૬

શાન્તિનાથનું સ્તવન.

શ્રી શાંતી જીનેશ્વર સાહીબો;
તુજ નાઠેરે કેમ છુટાશે,
મેં લીધી કેડજ તાહરી,
તેહ પ્રસન્ન થયેરે મુકાશે. શ્રી શાંતી.
તું વીતરાગપણું દાખવી,

ભોળા જનનેરે ભોળાવ,
જાણીરે કીધી પ્રતીજ્ઞા,
તેહુથી કહો કોણ ડોલાય. શ્રી શાંતી.
કોઇ કોઇને કેડે મત પડો,
કેડે પડયા આણે વાજ,
નીરાગી પણ પ્રભુ એ ચીઓ,
ભકતે કરી મેં સાત રાજ. શ્રી શાંતી.
પ્રભુ મન માંહી આણી વાસાઓ,
હવે કેમ નીસરવા દેવાય.
જો ભેદ રહીત મુજશું મીલો,
તો પલક માંહીરે છુટાય. શ્રી શાંતી.
સ્વામી કબજે આવ્યા કેમ છુટશો,
દીધા વીણ કહેણ કૃપાળ,
તો શું હઠવાઢ લેઇ રહ્યા,
કહે માન કરોરે હુશીઆર. શ્રી શાંતી.

શ્રી આદિનાથજીનું સ્તવન.

બાળપણે આપણ સસનેહી,
રમતા નવે નવે વેશે,
આજ તમે પામ્યા પ્રભુતાઈ,
અમે તો સંસારને વેષેરે,
પ્રભુએ ઓળંભડે મત ખીજો. ૧
જો તુમ ધ્યાતા શીવ સુખ લહીએ,
તો તુમને કેઈ ધ્યાવે,
પણ ભવ સ્થિતિ પરીપાક થયા વીણ,
કોઈ ન મુકતી જાયે હો પ્રભુજી
ઓલિંભડે મત ખીજો. ૨
સિધ્ધ નીવાસ લહે ભવી સિધ્ધિ,
તહ માન્યો પાડ તુંમારો.
તો ઉપગાર તુંમારો વહીએ,
અભવ્ય સીધ્ધને તારો હો પ્રભુજી. ૩
નાણ રયણ પામી એકાન્તે,

થઈ બેઠા મેવાશી.
તેહુ માંહેલો એક અંશ જો આપો,
તે વાતે સાબાશી. હો પ્રભુજી. ૪
અક્ષય પદ દેતા ભવી જનને,
સંકીરણ નવી થાએ,
શીવપદ દેવા જો સમરથ છો,
તો જશ લેતાં શું જાયે હો પ્રભુજી. ૫
સેવા ગુણ રંજ્યો ભવી જનને,
જો તમે કરો વડ ભાગી,
તો તમે સ્વામી કેમ કહેવાશો,
નીરમ મને નીરાગી હો પ્રભુજી. ૬
નાભી નંદન જન વંદન પ્યારો,
જગ ગુરૂ જગ હીતકારી,
રૂપ વિબુધનો મોહન પભણે,
વૃષભ લંછન બલીહારી,
હો પ્રભુજી ઓલંભડે મત ભખીજો. ૭

શ્રી આદીનાથનું સ્તવન.

ભક્ત વસ્તળ પ્રભુ સાંભળોરે,
ઓળંભે અરદાસ હો મહારાજ;
છાંડતાં કેમ છુટશોરે,
અરે કાંઈ કરશો ખરા દીલાસા હો જીનરાજ,
ભકત વસ્તળ પ્રભુ સાંભળોરે. ૧
તુમ સરીખા સાહેબ તણીરે,
જો સેવા નીષ્ફળ જાય હો મહારાજ;
લાજ કહો પ્રભુ કેહનેરે,
હવે સેવકનું શું જાય હો જીનરાજ,
ભકત વસ્તળ પ્રભુ સાંભળોરે. ૨
ગુણ દેખાડી હેળવ્યારે,
તે કેમ કેડો છોડરે મહારાજ,
જીહાં જળધર તીહાં બપૈયોરે;
પીયુ પીયુ કરી મુખ માંડ હો જીનરાજ,
ભકત વસ્તળ પ્રભુ સાંભળોરે. ૩

લાખ ચોરાશી હું ભમ્યોરે,
કાળ અનાદી અનંત હો મહારાજ;
મુરતી દીઠી પ્રભુ તાહરીરે,
ભાંગી છે ભવતણી ભ્રાંતુ હો જીનરાજ,
ભકત વસ્તળ પ્રભુ સાંભળોરે. ૪
અવગુણ ગણતાં માહરારે,
નહીં આવે પ્રભુ પાર હો મહારાજ;
પણ જીન પ્રવહણની પેરેરે,
તમે છો તારણહાર હો જીનરાજ;
ભકત વસ્તળ પ્રભુ સાંભળોરે.
જોરે પોતાનો લેખવોરે,
તો હવે લેખું ન વિચારરે મહારાજ,
સો વાતે એક વાતડીરે,
કાંઇ ભવોભવ પ્રીતી નીવારો હો જીનરાજ;
ભકત વસ્તળ પ્રભુ સાંભળોરે. ૬
તુમ સરીખા કોઈ દાખવોરે,

કીજે તેહની સેવ હો મહારાજ;
આનંદ વદન પ્રભુ રૂશભજીરે,
મારૂદેવીનંદન દેવ હો જીનરાજ;
ભકત વસ્તળ પ્રભુ સાંભળોરે ૭

શ્રી આદીનાથને વીનંતી.

શા માટે સાહીબ સામું ન જુઓ,
હું થયોછું તુમ ગુણ રાગીરે,
બોલ બીજા સાથે નવી બોલું,
ન ગમે વાત અનેરી પ્રભુજી મારા. ૧
જોરે પોતાનો કરીને જાણો,
તો મુજ સમકિત વાસો પ્રભુજીરેઃ
ભલો ભુંડો પણ ભકત તમારો,
દેઈ દીલાસો વાસો પ્રભુજી મારા. ૨
છેલ છબીલો દેવ છોગાળો,
અલવેસર અવીનાશી પ્રભુજીરે;

હ્રદયનો વાસી પ્રભુ મુજને મળીયો,
નમું હું નિત્ય શિરનામી પ્રભુજી મારા. ૩
હુજુર હઇયામાં હોંશ ઘણી છે,
રાખીછે તુમ ગુણ પ્રભુજીરે;
ભીડભંજન પ્રભુ ભકિત જોરે,
જાલમ વાસના જાગી પ્રભુજી મારા. ૪
આપ સ્વરૂપ દેખાડો આછો,
પડદો ખોલોને પાછો પ્રભુજીરે,
પ્રેમ ઉદય પદ પગથીએ ચડતાં,
ન રહે લાભનો લાંછો પ્રભુજી મારા. ૫

શ્રી પારસ્વનાથનું સ્તવન.

પ્યારો પ્યારોરે હો વાલા મારા પાસ જીણંદ મુને પ્યારો ॥ તારો તારોરે વાલા મારા ભવનાં દુખડાં વારો ॥ કાશીદેશ વણારૂશી નગરી, અશ્વસેન કુળ સોહીએરે

॥ પાસ જીણંદ વામનંદા મારા વાલા, દેખીત જન મન મોહીએ ॥ પ્યારો. ॥ ૧ ॥ છપ્પનદિગ કુમારી મિલી આવે, પ્રભુ. જીને હુલરાવેરે ॥ થેઈ થેઈ નાચ કરે મારા વાલા, હરખે જીન ગુણ ગાવે ॥ પ્યારો. ॥૨॥ કમઠ હઠ ગાલ્યો પ્રભુ પાર્શ્વ, બળત ઉગાર્યો ફણી નાગરે ॥ દીઓ સાર નવકાર નાગકું, ધરણીંદ્ર પદ પાયો ॥ પ્યારો. ॥ ૩ ॥ દિક્ષા લઇ પ્રભુ કેવળ પાયો, સમવસરણમેં સુહાયોરે ॥ દીએ મધુરી દેશના પ્રભુ ચૌમુખ ધર્મ સુણાયો ॥ પ્યારો ॥ ૪ ॥ કર્મ ખપાવી શીવપુર જાવે, અ-જરામર પદ પાવેરે ॥ જ્ઞાન અમૃતરસ ફરસે મારા વાલા, જ્યોતીસે જ્યોત મીલાવે ॥ પ્યારો. ॥ ૫ ॥ ઇતિ ॥

શ્રી ચીંતામણજીનું સ્તવન.

ચિંતામણ પ્રભુ પાસરે, મેં વારી જી-
નરાજ ॥ હાથમેં સુખડ કેસર વળી,
કસ્તુરી બરાસ ॥ પાર્શ્વ પ્રભુને પુજતા
મારો જીવ થાય ઉલ્લાસરે ॥ ચીંતામણ.
॥ ૧ ॥ કરૂં પુજા શુભ રીતથીરે, પુજું
શ્રી જીન પાસ ॥ પુજા માહારી માનજો,
હું છું તમારો દાસ ॥ ચીંતામણ ॥ ૨ ॥
પૂજા કરીને હું પ્રભુરે, ગુણ ગાઉં નીરધાર
॥ દાસ નર કહે પ્રભુજી, ભવથી પાર
ઉતારરે ॥ ચીંતામણ. ॥ ૩ ॥ ઈતિ ॥

શ્રી વીરજીન સ્તવન.

સિધારથનારે નંદન વીનવું,
વીનતડીરે અવધાર;
ભવ મંડપમાં રે નાટક નાચીયો,
હવે મુજ પાર ઉતાર. સિ. ૧

ત્રણ રતન મુજ આપો તાતજી,
જેમ નાવેરે સંતાપ,
દાન દીયંતાંરે પ્રભુજીકો સીર કીસે,
આપો પદવીરે આપ. સિ. ૨
ચરણ અંગુઠેરે મેરૂ કંપાવીયો,
સુરનું મોરચુંરે માન;
અષ્ટ કરમના ઝગડા જીતવા,
દીધું વરસીરે દાન. સિ. ૩
શાસન નાયક સવી સુખદાયક,
ત્રીશલા કુખે રતન;
સિધારથનોરે વંસ દીપાવીયો,
પ્રભુજી તમે ધન્ય ધન્ય. સિ. ૪
વાચકશેખર કીર્તીવિજયગુરૂ,
પામી તાસ પસાય;
ધરમતણા એ જીન ચોવીસમા,
વિનય વિજય ગુણ ગાય. સિ. ૫

શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથનું સ્તવન.

મ્હારી કલ્પ વેલડી મુરતી શ્રી અંતરીક્ષ પાસની ॥ એક સમય લંકાપતી રાવણ હુકમ આપ ફરમાવે ॥ માલી સુમાલી વિદ્યાધર બે કાર્ય કારણ તસજાવેરે ॥ મ્હારી ॥ ૧ ॥ જાય વીમાન ઝડપથી તેહનું જેમ ગગને ગુબારા ॥ મધ્યાન્હે ભોજન વેલાએ વિમાન હેઠે ઉતારારે ॥ મ્હા. ॥ ૨ ॥ તવ સેવક મન સંશય ઉપન્યો પ્રતીમા ઘેર વીસારી ॥ પ્રભુ પુજન વીના ભોજન ન કરે મુજ સ્વામી ભાગ્યશાળીરે ॥ મ્હા. ॥ ૩ ॥ વેલુમય મુરતી નીપજાવી કરી પુજન તૈયારી ॥ સ્વામીએ પુજન કરી ભોજન લીયા શરીર સુખકારીરે ॥ મ્હા.॥ ૪ ॥ જાતાં મુરતીને પધરાવી સરોવરમાં ઉછરંગે ॥ અધીષ્ટાયકદેવે અખંડીત રાખી

તીહાં ઉમંગેરે ॥ મ્હા. ॥ ૫ ॥ એકદીન બીંગલપુરનો રાજા શ્રીપાલ કુષ્ટી આવે ॥ હાથ મુખ પ્રમુખ અંગોને પખાલી નીજ ઘર જાવેરે ॥ મ્હા. ॥ ૬ ॥ મુખડું નીરોગી દેખી રાણી ફરી ત્યાં જવ નવરાવે ॥ કંચન સમ કાયા રાજાની જોઇ જોઇ અચરીજ પાવેરે ॥ મ્હા. ॥૭॥ બલી બાકુલ નાખી પટરાણી બોલી મધુરી વાણી ॥ દેવી દેવ જે કોઇ હોય તે દ્યો દરશન હીતઆણીરે ॥ મ્હા. ॥ ૮ ॥ એમ કરી ઘર જઇને સુતી સ્વપ્ને દેવી દીઠી ॥ પાર્શ્વ પ્રભુની પ્રતીમા ઈહાં છે એમ વાણી સુણી મીઠીરે ॥ મ્હા. ॥ ૯ ॥ રોગી રાજા નીરોગ થયો તે જીનજી તણો પસાય ॥ તે કારણ પ્રતીમા કાઢીને ગાડે કીયો પધરાયરે ॥ મ્હા ॥ ॥ ૧૦ ॥ કાચે તાંતણે ગાડલું બાંધો રાજાયે

થવું પુરમાં ॥ પણ પાછું વાળી જોયા વીના જવું જરૂર નીજ પુરમાંરે ॥ મ્હા. ॥૧૧॥ જો પાછું વાલીને જોશે તો પ્રતીમા તીહાં રહેશે ॥ ભુલ્યો બાજીગર સોચે તેમ ચીન્તા દુઃખ સહેશેરે ॥મ્હા.૧૨॥ એહવું સ્વપ્ન દેખીને રાણી નીદ્રામાંથી જાગી ॥ પ્રેમ ધરીને દેવગુરૂનું સ્મરણ કરવા લાગીરે ॥ મ્હા. ॥ ૧૩ ॥ તેમજ કરી પૃથ્વીપતિ ચાલ્યો બોજથી હાથ ન ઝાલ્યો ॥ શંકા ઉપની પ્રતીમા કેરી મુખ વાલી તીહાં ભાલ્યોરે ॥ મ્હા. ॥ ૧૪ ॥ પ્રતીમા અધર રહી ત્યાં આગળ ગાડું નીકલી ચાલ્યું ॥ વીના વીચાર કીધું તે રાજાના દીલમાં સાલ્યુંરે ॥ મ્હા. ॥ ૧૫ ॥ પણ પ્રતીમા ઉપર પ્રીતીથી શ્રીપુરનગર વસાવી ॥ રહેવા લાગ્યો ત્યાં પર રાજા નગરલોકને હસાવીરે ॥

મ્હા. ॥૧૬॥ ચૈત્યપ્રતીષ્ઠા મહોચ્છવ કીધો જગમાં યશ બહુ લીધો ॥ પ્રતીદીનત્રિકાળ પુજા કરીને નીજ ભવ સફલો કીધોરે ॥મ્હા. ॥ ૧૭ ॥ તે કાલે પાણીહારી બેહડું લઈ નીચે જઈ શકિત ॥ હવણે તો અંગલો-હણું નીકળે દીપ શીખા જુવો જગતીરે ॥ મ્હા ॥ ૧૮ ॥ દુઃખ કાલમેં એમ પ્રભુની મુરતી અધર બીરાજે ॥ તે કારણ અંતરીક્ષ પાસજી નામ જગતમાં ગાજેરે ॥ મ્હા. ॥ ૧૯॥ તે પ્રભુની યાત્રા કરવાને અમલનેરથી આવે ॥ રૂપચંદ મોહનચંદ પોતે સંઘલઇ શુદ્ધ ભાવેરે ॥ મ્હા. ॥૨૦॥ સંવત ઓગ-ણીસે છપનના મહાશુદ દશમી સારી ॥ લક્ષમીવિજય ગુરૂરાજ પસાયે સ નમે વારંવારીરે ॥ મ્હા. ॥ ૨૧ ॥

—(૦)—

ભાગ ૪ થો.

બીજ, પાંચમ, આઠમ, એકાદશીની ઢાળો.

બીજનું સ્તવન.

પ્રણમી શારદ માય, શાસન વીર સુહંકરૂજી ॥ બીજ તીથી ગુણગેહ, આદરો ભવીયણ સુંદરૂજી ॥ ૧ ॥ એહ દીન પંચ કલ્યાણ, વિવરીરે કહું તે સુણોજી ॥ મહા શુદિ બીજે જાણ, જન્મ અભીનંદનતણોજી ॥ ૨ ॥ શ્રાવણ શુદિની હો બીજ, સુમતિ ચવ્યા સુરલોકથીજી; તારણ ભવોદધિ તેહ, તસ પદ સેવે સુરથોકથીજી ॥ ૩ ॥ સમેતશિખર શુભ ઠામ, દસમા શિતળજિન ગણુંજી ॥ ચૈત્ર વદિની હો બીજ વર્યા મુકિત તસ સુખ ઘણુંજી ॥ ૪ ॥ ફાલ્ગુન

માસની બીજ, ઉત્તમ ઉજ્વળ માસનીજી ॥ અરનાથ ચ્યવન, કર્મક્ષયે ભવપાસનીજી ॥૫॥ ઉત્તમ માઘજ માસ, શુદી બીજે વાસુપુજયનોજી ॥ એહીજ દિન કેવળ નાણુ, શરણુ કરો જિનરાજનોજી ॥ ૬ ॥ કરણીરૂપ કરો ખેત, સમકિત રૂપ રોપો તીહાંજી ॥ ખાતર કિરીયા હો જાણુ, ખેડ સમતા કરી જીહાંજી ॥ ૭ ॥ ॥ ઉપશમ તદ્રુપ નીર, સમકિત છોડ પ્રગટ હોવેજી ॥ સંતોષ કરી અહો વાડ, પચ્ચખખાણુ વ્રત ચોકી સોહેજી ॥૮॥ નાસે કર્મ રોપુ ચોર સમકિત વૃક્ષ ફલ્યો તિહાંજી ॥ માંજર અનુભવ રૂપ, ઉતરે ચારીત્ર ફલ જીહાંજી ॥ ૯ ॥ શાંત સુધારસ વારી, પાન કરી સુખ લીજીએજી ॥ તંબોલ સમલ્યો સ્વાદ, જીવને સંતોષ રસ કીજીએજી ॥૧૦॥બીજ

કરો દોય માસ, ઉત્કૃષ્ટી ભાવીશ માસનીજી ॥ ચોવીહાર ઉપવાસ, પાલીયે શીલ વસુધાસ નીજી॥૧૧॥ આવશ્યક દોયવાર, પડીલેહણ દોય લીજીએજી ॥ દેવવંદન ત્રણ કાલ. મન વચન કાયાએ કીજીએજી ॥ ૧૨ ॥ ઉજમણું શુભ ચિત્ત, કરી ધરીએ સંયોગ થીજી ॥ જિનવાણી રસ એમ, પીજીએ શ્રુત ઉપયોગથીજી ॥ ૧૩ ॥ એણી વિધિ કરીયે હો બીજ, રાગ ને દ્વેષ દુરે કરીજી॥ કેવળ પદ લઇ તાસ, વરે મુક્તિ, ઉલટ ધરીજી ॥૧૪॥ જિનપુજા ગુરૂભકિત, વિનય કરી સેવો સદજી ॥ પદ્મવિજયનો શિષ્ય. ભકિત પામે સુખ સંપદાજી ॥ ૧૫ ॥

જ્ઞાનપંચમીનું સ્તવન

સુત સિદ્ધારથ ભુપનોરે, સિદ્ધારથ ભગવાન

। બારહ પરખદા આગલેરે; ભાખે શ્રી
ારદ્ધમાનોરે ।। ૧ ।। ભવિયણ ચિત્ત ધરો
। મન વચ કાય અમાયોરે, જ્ઞાન ભક્તિ
ારો ।। એ આંકણી ।। ગુણ અનંત આત-
ાતણારે, મુખ્યપણે તીહાં દોય, ।। તેહમાં
ાણ જ્ઞાનજ વડુંરે, જિણથી દંસણ હોયરે
. ૨ ।। ભ. ।। જ્ઞાને ચારિત્ર ગુણ વધેરે
ાાન ઉદયોત સહાય ।।જ્ઞાને થિવિરપણું લહેરે
માચારજ ઉવઝાયરે ।। ૩ ।। ભ. ।। જ્ઞાની
ાસોશ્વાસમાંરે કઠીનકરમકરે નાશ ।। વન્હિ
જમ ઈંધણ દહેરે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશરે
। ૪ ।। ભ. ।। પ્રથમ જ્ઞાન પછી દયારે,
ાંવર મોહ વિનાશ ।। ગુણ ઠાણંગ પગ-
ાાલીએરે, જેમ ચઢે મોસ આવાસ રે ।।
। ।। ભ. ।। મઈ સુઅ મણ પજ્જવારે,
ાંચમ કેવલ જ્ઞાન ।। ચઉ મુંગા શ્રુત એક

છરે; સ્વપર પ્રકાશ નિદાનરે ॥ ૬ ॥ ભ.॥ તેહુનાં સાધન જે કહુયાં રે, પાટી પુસ્તક આદિ ॥ લખે લખાવે સાચવેરે, ધર્મીધરા અપ્રમાદારે ॥૭॥ ભ. ॥ ત્રિવીધ આશાતના જે કરેરે, ભણતાં કરે અંતરાય ॥ અંધા બહેરા બોબડારે, મુંગા પાંગલાથાયરે ॥ ૮ ॥ ભ. ॥ ભણતાં ગણતાં ન આવડેરે, ન મળે વલ્લભ ચીજ ॥ ગુણ મંજરી વરદત્ત પરેરે, જ્ઞાન વિરાધન બીજરે ॥ ૯ ॥ ભ. ॥ પ્રેમે પુછે પરખદારે, પ્રણમી જગગુરૂ પાય ॥ ગુણમંજરી વરદત્તનોરે, કરો અધિકાર પસાય રે ॥ ૧૦ ॥ ભ. ॥ઇતિ॥

આઠમનું સ્તવન.

હાંરે મારે ઠામ ધરમના, સાડા પચવીશ દેશ જો, દીપે રે ત્યાં દેશ મગધ સહુમાં

શીરે રેલો ॥ હારે મારે નગરી તેહમાં, રાજગ્રહી સુવિશેષ જો ॥ રાજેરે ત્યાં શ્રેણીક, ગાજે ગજપરે રેલો ॥૧॥ હાંરે મારે ગામ નગરપુર પાવન કરતાં નાથજો, વિચરંતા તીહાં આવી વીર સમોસર્યાં રે લો ॥હાં.॥ ચઉદ સહસ મુનિવરનો સાથે સાથજો ॥ સુધા રે તપ સંયમ સીયલે અલંકર્યાં રેલો ॥ ૨ ॥ હાં. ફુલ્યા રસભર ઝુલ્યા અંબ કદંબજો ॥ જાણું રે ગુણશીલ વન હસી રોમાચીયોરે લો ॥ હાં. ॥ વાયા વાય સુવાય તીહાં અવિલંબજો ॥ વાસે રે પરીમલ ચિહુ પાસે સંચીયોરે લો ॥ ૩ ॥ હાં. ॥ દેવચતુરવિધ આવે કોડાકોડ જો ॥ ત્રિગડુંરે મણી રજતનું તે રચે રે લો ॥ ॥ હાં. ॥ ચોસઠ સુરપતિ સેવે હોડાહોડજો, આગં રે રસ લાગે ઈંદ્રાણી નચે રે લો. ॥

૪ ॥ હાં. મણીમય હેમ સિંહાસત બેઠા આપજો. ઢળે રે સુર ચામર મણી રત્ને જડયાંરે લોલ ॥ હાં. ॥ સુણેતાં દુદુંભી નાદ ટળે સવી તાપ જો. વરસે રે સુર ફુલ સરસ જાનુ અડયાં રે લો ॥ ૫ ॥ હાં ॥ તાજે તેજે ગાજે ઘન જેમ ધુંબજોા રાજે રે જીનરાજ સમાજો ધર્મને રે ॥ હાં. ॥ નીરખી હરખી આવે જન મન લુંબજો ॥ પોખે રે રસ ન પડે ધોખે ભર્મનેરે લો ॥ ૬ ॥ હાં. ાં આગળ જાણી જીનનો શ્રેણીક રાય જો ॥ આવ્યો રે પરીવરીયો હય ગય રથ પાયગે રેલો. ॥ હાં. ॥ દેઈ પ્રદક્ષિણા વંદી બેઠો ઠાય જો ॥ સુણવારે જીનવાણી મોટે ભાયગેરે લો ॥ ૭ ॥ હાં.॥ ત્રિભુવન નાયક લાયક તવ ભગવંત જો ॥ આણીરે જન કરૂણા ધર્મ કથા કહે રે લો

॥ હાં. ॥ સહજ વીરોધ વીસારી જગના જંતુ જો ॥ સુણવારે જીનવાણી મનમાં ગહગહેરે લો ॥ ૮ ॥

એકાદશીનું સ્તવન.

જગપતિ નાયક નેમીજીણંદ, દ્વારીકા નગરી સમોસર્યા ॥ જગપતિ વંદવા કૃષ્ણ નરીં, જાદવ કોડશું પરીવર્યા ॥૧॥ જગપતિ ધીગુણ ફુલ અમુલ, ભકિત ગુણે માલા રચી ॥ જગપતી પુજી પુછે કૃષ્ણ, ક્ષાયીક સમકિત શિવરૂચી ॥૨॥ જગપતી ચારીત્ર ધર્મ અશકત, રકત આરંભ પરિગ્રહે ॥ જગપતી મુજ આતમ ઉદ્ધાર, કારણ તુમવિણ કોણ કહે ॥ ૩ ॥ જગપતી તુમ સરીખો મુજ નાથ, માથે ગાજે ગુણનીલો ॥ જગપતી કોઇ ઉપાય બતાવ, જેમ કરે શીવવધુ કંતલો ॥ ૪ ॥ નરપતી ઉજવલ

માગશીર માસ, આરાધો એકાદશી ।। નરપતી એકસો ને પચાસ, કલ્યાણક તીથી ઉલ્લસી ।। ૫ ।। નરપતી દશ ક્ષેત્રે ત્રણ કાળ, ચોવીશી ત્રીશે મળી ।। નરપતિ નેવું જીનનાં કલ્યાણ, વીવરી કહુ આગળ વલી ।। ૬ ।। નરપતી અરદીક્ષા નમી નાણ, મલ્લી જન્મ વ્રત કેવલી ।। નરપતિ વર્ત્તમાન ચોવીશી, માંહે કલ્યાણક આ વલી ।। ૭ ।। નરપતિ મૌનપણે ઉપવાસ, દોઢસો જપમાલા ગણો ।। નરપતિ મન વચ કાય પવિત્ર, ચારીત્ર સુણો સુવ્રત તણો ।। ૮ ।। નરપતિ દાહીણ ધાતકી ખંડ, પશ્ચિમ દીશી ઈક્ષુકારથી ।। નરપતિ વિજય પાટણ અભીધાન, સાચો નૃપ પ્રજાપાલથી ।।૯।। નરપતિ નારી ચંદ્રાવતી તાસ, ચંદ્રમુખી ગજગામીની ।। નરપતી શ્રેષ્ઠી સુવીખ્યાત, ।। શીયલ સલીલા

કામીની ।। ૧૦ ।। નરપતિ પુત્રાદીક પરી-વાર, સાર ભુષણુ ચીવર ધરી ।। નરપતિ જાયે નિત્ય જીનગેહુ, નમન સ્તવન પુજા કરે ।।૧૧।। નરપતિ પોષે પાત્ર સુપાત્ર, સામાયીક પોષધ ધરે ।। નરપતિ દેવવંદન આવશ્યક, કાળવેળાએ અનુસરે. ।। ૧૬ ।।

ભાગ ૫—૬.

શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

કાનુડા ન જાણે મારી પ્રીત, બાઇ અમે બાળ કુંવારારે એ રાગ.

મને તો મળીઓ મારો નાથ. પુર્વના પુન્ય પ્રભાવેરે ।। મને તો. ।। પ્રીતિ અનાદિની ભુલી, ગયા છો સ્વામી; ।। હવે નહિ છોડું તારો સાથ, છોડું નહિ કદાપિરે. ।। મને ।।૧।। અનાદિ કાળનો હું, રખડું છું જિ-

નજીરે; ॥ ભ્રમણ કરૂં છું ગતિ ચાર, દુઃ-
ખ બહુ તેથી પામુંરે. ॥ મને તો ॥૨॥ હુ-
વે તમે મળીઆ સ્વામી, દુઃખ અમારૂં
કાપો; ॥ આપોને શિવરમણીનો સાથ, આ
પો પ્રીત કરીનેરે ॥ મને તો ॥૩॥ સુલસા-
દિક નવને આપે, જિનપદ દીધું વ્હાલા;॥
ચંદનબાલાનું કાપ્યું દુઃખ, તેમ અમારૂં
કાપોરે. ॥ મને તો ॥૪॥ ત્રિસલાના નંદન
જિનજી. વિનતિ અવધારો વહાલા ॥ પ્રિતેથી
ખેંચીલ્યોને હાથ, નાથ મેં તમને ધર્યારે.
મને તો ॥ ૫ ॥ શામજી કહે છે વ્હાલા
વીર પ્રભુના ગુણ; ॥ ગાવાથી તરીએ આ
સંસાર, વાત છે તેહજ સાચીરે, મને ॥૬॥

શ્રી સિધ્ધાચળજીનું સ્તવન.

દાસપરે દયા લાવોરે, દયાલુ દેવ. એ રાગ.
સિદ્ધાચળ ગિરિ જાઓરે (૨) ભવિજન

ભાવે—સિદ્ધાચળ ગિરિ જાઓ ।। તન,મન,
એક કરી, ધ્યાન પ્રભુનું ધરી, ।। એ ગિરિ
ના ગુણ ગાવો ગાવોરે. (૨) ભ૦ ।। ૧ ।।
આદિજિણંદની પ્યારી, મુર્તિ છે મોહનગારી;
।।પ્રેમ ધરીને ધ્યાવો ધ્યાવોરે.(૨) ભ. ।।૨।।
રાવણ પેઠે ભાવ ધરી, ભકિત એક ચિત્તે
કરી; ।। તિર્થંકા પદવી પાવો પાવોરે.(૨)
।।ભ૦।।૩।। શામજી સાથે સઘળા, બાળક
પ્રિતે બોલે, ।। અમારા હૃદયે આવો આ-
વોરે. (૨) ।। ભ૦ ।।૪।।

શ્રી જીન સ્તવન.

મોહની લગાડી રાજ, મુકાવે માન લાજ,
એ રાગ.

આવ્યા પ્રિતેથી આજ, ગુણ ગાવાને કાજ,
લેવાને શિવરાજ, જીનપતિ અમે,

ઈંદ્રને ચંદ્ર જેમ ભાવ ધરી નાચશું,
કલ્પ વૃક્ષની પેરે આપ કને યાચશું,
લેવારે શિવતણું સુ....ખ આવ્યા.
અષ્ટાપદ ગિરિ ઉપરે, રાવણુ નાચ્યો જેમ,
તીર્થંકર પદ પામવા,અમે પણ કરશું તેમ;
રખડીએ ચાર ગતી, દુઃખ થાય તેથી અતી,
બચાવો તેહ થકી નાથ, આપીને શુદ્ધ મતી.
દેખાડો શિવ ગતી, પ્રીતેથી ખેંચી લઈ
હાથ; રાખી એક તારી આશ, જાશું નહિ
અન્ય પાસ, વૃદ્ધિચંદ્રજી જૈનશાળાનાં
બાળકો, પ્રેમથી પ્રભુ ગુણ ગાય. આવ્યા.

શ્રી પારસ્વનાથ જીન સ્તવન.

બલીહારી રસીયા ગીરધારી, સુંદીર સ્યામ
હો તજી અમને મથુરાના વાસી આવા ન
બનીએજી—એ રાગ.

બલીહારી, જીનજી, જાઉં વારી, પ્રભુ

પારશ્વ આપો અમને; કાશીના વાશી શીવતણા સુખનેજી. નાગ ઉગારી વ્હાલા, નાગેંદ્ર બનાવ્યોજી, આપ્યું છે સુખ અપારી પ્રભુ પાર્શ્વ, ચઉમુખે આપે વ્હાલા, દેશના દઇનેજી, તાર્યા છે નર ને નારી. પ્રભુ પા. એવું સુણીને વ્હાલા; શરણે તો આવીયાજી, આપોને પદ અણાહારી. પ્રભુ પા. કર્મ ખપાવી આપે, શીવસુખ લીધુજી, બની ગયા છો નીરાકારી. પ્રભુ પા. તુજ પરતીમા તે વ્હાલા, જાણી જાણી તુમ સારીખીજી માગીએ મોક્ષ આ વારી. પ્રભુ પા. શામજી કહે છે પ્રભુ, પારશ્વજીનેશ્વરજી, વીનતી લેજોને અવધારી. પ્રભુ પાર્શ્વ.

શ્રી અભિનંદન જીન સ્તવન.

ચાલો સાહેલી, જીવનેશ્વરાનાં સહુ મળીને દર્શન કરીએ—એ રાગ.

આજે આનંદે, અભિનંદનને વંદન કરવાને જઇએ, ાા શિવ સુખકારી, મોહનગારી, મુર્તિ પ્રભુની અંતર ધરીએ, ાા ભાવ ધરી જો વંદન કરીએ, તો તદરૂપ બની રહીએ, ાા જન્મ મરણુનાં દુઃખ અનંતા, કાપીને નિર્મળ થઇએ, ાા શામજી કહે છે તેને સેવી, શિવ મંદિરમાં ઝટ જઇએ, આજે આનંદે.

શ્રી જીન સ્તવન.

ગઝલ.

અહો જીનરાજ શું કીધું, એકીલા સીવ લઇ લીધું. ાા અનાદિ કાળની પ્રીતિ, તોડી શું સુજ્ઞની રીતિ. ાા ખરા દિલદાર તે કહીએ, ખરા દાતાર તે લઇએ, ઉધારે જે બહુ પ્રાણી, બધાને સારિખા જાણી.ાા તમે તો મુજને ત્યાગી, થયા છો મોક્ષના

ભાગી, ॥ હવે હું સાંભરૂં શેનો, હવે તો ઓળખો શેનો, ॥ તમે છોડયો પ્રભુ મુજને ॥ તથાપિ ના તજું તુજને, મને તો આશરો તારો, કૃપાળુ નાથ તું મારો, પુરવની પ્રીત સંભારી, મને ક્યોને તમે તારી, કહે છે શામજી સાચું, બીજા દેવો નહિ જાચું.

શ્રી જીન સ્તવન.

સદા સંસારમાં સુખદુઃખ સરખાં માની લઇએ—એ રાગ.

શાંતી આપે સર્વદા, કાપે સઘળાં દુઃખ. રોગ સોગ વ્યાધી હરી, આપે અવિચલ સુખ; એવા જીનરાજનું, હવે ધ્યાન અંતર ધ્યાઇ લઇએ, જગતની જાળ સઘળી દુઃખની તે છાંડી દઇએ; પ્રીતે શ્રાવક પુણીયા, ભકિત કરતો જેમ; કર્મ ખપવા કારણે, અમે પણ કરશું તેમ, હવે જીનરાજજી, એક અરજ

મારી માની લઇએ, કૃપાળુ નાથ અમને, શિવનું સુખ આપી દઇએ; અગ્નિ બળતા નાગને, સંભળાવી નવકાર, દેવલોકમાં મોકલી, આપ્યું સુખ અપાર; એવા જીનરાજનું હવે ધ્યાન અંતર ધ્યાઇ લઇએ, જગતની જાળ સઘળી દુઃખની તે છાંડી દઇએ.

શ્રી જીન સ્તવન.

વન વગડામાં ભુલી પડી ત્યાં, અમૃત પ્યાલો પીધોરે—એ રાગ.

સાંભળજો જીનવરજી પ્રીતે, અરજી એક અમારીરે; સાંભળી વહેલા આવો વારે, આશા અમને તમારી. ॥ સુણજો જી. ॥ કર્મ રાજાના દુષ્ટ કુટુંબે, જીનજી અમને ઘેર્યારે; ॥ એકસોને અઠાવન સુંભટો, નિત્ય રહે છે પ્રેરયા ॥ સુણજો જી. ॥ રાગને દ્વેષ બે સર્પ ડસાગે, મોહ પ્રબળ

મહારાજાજી; ાા ક્રોધ માન માયા લોભાદિક, લડવૈયા છે તાજા. ાા સુણજો જી. ાા આવું પ્રબળ આ સૈન્ય પ્રભુજી, આપે નાખ્યું વેરીજી; ાા લાગ જોઇને તુજ સેવકને, લીધા તેણે ઘેરી. ાા સુણજો જી. ાા મુંઝાઇએ બહુ અબળ અમે તો; પંચમ કાળનાં પ્રાણીરે; ાા વિનતિ સુણીને વહેલા આવો, દાસ તમારા જાણી. ાા સુણજો જી. આ દુ:ખમાંથી મુકત કરીને, શીવનું સુખ બતાવોરે; ાા શામજી કહે છે મુજ વિનતિથી, જ્યોતિમાં જ્યોતિ મીલાવો. ાાસુાા

શ્રી મહાવિર જીન સ્તવન

વાલા વેગે આવોરે.......એ રાગ.

ત્રીશલાના જાયારે, શરણે અમે આવ્યારે; સુણો એક વીનતી હોજી, મહેર કરીને ભવ જળ પાર ઉતાર.... ....ત્રિશલાના.

સાખી-લાખ ચોરાશી યોનીમાં, ભ્રમણ કર્યું ભગવાન; ।। અન્ય મતોમાં રાચીયો, નડયું બહુ અજ્ઞાન, પામ્યો કુડી કાયારે, એક વિનંતિ હોજી. ।। ત્રિશલાના. ।। સાખી-સદ્દગુરૂના ઉપદેશથી, જાણ્યો તારો ધર્મ ।। એક ચિત્તથી આદરી,હવે ખપાવું કર્મ;છોડું સઘળી માયારે,સુણો એક વીવતી હોજી. ।। ત્રીશ. ।। સાખી-આનંદાદિક શ્રાવકો, વૃત ઉચરતા જેમ: શિવરમણીને સાધવા, અમે પણ કરશું તેમ, ગુણ તમારા ગાયારે, સુણો એક વીનતી હોજી.।।ત્રીશ.।। સાખી-શ્રેણીકાદીક ભકતને, જીનપદ દીધું જેમ, શામજી કહે છે આપજો, અમને પ્રભુજી તેમ: તારી ચંદન બાળારે, સુણો એક વીનતી હોજી. ।। ત્રીશ. ।।

મહાવીર સ્વામીનું સ્તવન.

વ્હાલા વીર જીનેશ્વર જન્મ જરા નીવાર-જોરે, પ્યારા પ્રભુજી પ્રીતે મુજ શીરપર કર સ્થાપજોરે ।।વહાલા.।। ત્રણ રત્ન આપો પ્રભુ મુજને, ખોટ ખજાનો કો નહી તુજને, અરજી ઉર ધરી કર્મ કટક સંહાર જોરે ।। વહાલા. ।। કુમતી ડાકણ વળગી મુજને, નમી નમી વીનવું હે પ્રભુ તુજને; એ દુઃખથી દુર કરવા, વહેલા આવજોરે ।। વહાલા. ।। અટવીમાં ભુલો પડીયો, તું સાહેબ સાચો મને મળીઓ, સેવકને શીવ-પુરની, સડક દેખાડજોરે ।। વહાલા. ।।

શ્રી વાસુપુજ્ય સ્વામીનું સ્તવન.

વીરા વેશ્યાના યારી–એ રાગ.

વાસુપુજ્ય વીલાસી, ચંપાના વાંસી, પુરો

અમારી આશ. કરૂં પુજા હું ખાસી કેસર ઘાસી, પુષ્પ સુવાસી, પુરો અમારી આશ. ચૈત્યવંદન કરૂં ચિત્તજી પ્રભુજી, ગાઉંગીત રસાળ, એમ પુજા કરી વીનતી કરૂંછું, આપો મોક્ષ વીશાળ દીયો કર્મને ફાંસી, કાઢો કુવાસી, જેમ જાયનાસી. પુરો અમારી આશ ાા વા. ાા ૧ ાા આ સંસાર ઘોર મહોદધીથી કાઢો અમને બહાર, સ્વારથનાં સહુ કોઈ સગાં છે, માત પીતા પરીવાર, બાળમીત્ર ઉલાસી, વીજય વીલાસી, અરજી ખાસી, પુરો અમારી આશ. વાસુપુજ્ય. ાા ૨ ાા

સમાપ્ત

જાહેર ખબર.

સર્વે બાઇઓને વિનંતિ કરવામાં આવે છે, કે અમારી દુકાને દરેક જાતની ઇંગ્રેજી, ગુજરાતી, તથા સંસ્કૃત પુસ્તકો મળે છે. સ્કુલમાં ચાલતી ઇંગ્રેજી તથા ગુજરાતી બુકો મળે છે તથા જૈન ધર્મનાં પુસ્તકો, સ્ટેશનરી તથા કટલરી સામાન અમારી દુકાને હમેશાં મળે છે. ભાવ તદન વ્યાજબી લેવાય છે. અને ઠગાવાની બીલકુલ ધારતી નથી કારણ પ્રમાણિકતા એ અમારો મુદ્રા લેખ છે.

એકવાર કામ પાડી ખાત્રી કરવા વિનંતિ છે.